Visit **Dwarkadheeshvastu.com** For

**FREE** Vastu Consultancy, Music, Epics, Devotional Videos Educational Books, Educational Videos, Wallpapers

****

All Music is also available in **CD** format. **CD Cover** can also be print with your Firm Name

****

We also provide this whole Music and Data in **PENDRIVE** and **EXTERNAL HARD DISK.**

Contact : Ankit Mishra ( +91-8010381364, dwarkadheeshvastu@gmail.com )

# KENOPANISHAD-GUJRATI

## કેનોપનિષદ

(શાંતિપાઠ) .......... ૧

ખંડ ૧ .......... ૮

ખંડ ૨ .......... ૧૨

ખંડ ૩ .......... ૧૬

ખંડ ૪ .......... ૨૬

ખંડ ૫ .......... ૩૧

ઉપસંહાર .......... ૩૮

સંદર્ભ ગ્રંથો .......... ૪૨

# શાંતિપાઠ

ઉપનિષદોના આરંભમાં કેટલાક મંત્રોનું પઠન 'શાંતિપાઠ' તરીકે કરવામાં આવતું. કેનોપનિષદ (કેન)ની શરૂઆતમાં નીચેના બે અત્યંત પ્રસિદ્ધ એવા મંત્રોની રજૂઆત શાંતિપાઠ તરીકે થઈ છે, જેનો મર્મ સમજી લેવા જેવો છે.

સર્વે ભૂતપ્રાણીઓની માફક આહાર-નિદ્રા-મૈથુન જેવી અતિસામાન્ય વૃત્તિઓ મનુષ્યમાં પણ મોજૂદ હોવા છતાં, કેવળ ખાવા-પીવા ને મોજમજા કરવામાં માનવજીવનની ઇતિશ્રી નથી સમાઈ જતી. જિંદગીના કાચા કાળમાં, જ્યારે મનુષ્યે બૌદ્ધિક પરિપક્વતા હાંસલ નથી કરી હોતી, ત્યારે કદાચ તે ભૌતિક વિષયોનાં ઉપભોગ અને ઇન્દ્રિયસુખ પાછળ ગાંડોતૂર બનીને દોડતો હોય છે... પરંતુ સાચા-ખોટાનો ભેદ દર્શાવતી વિવેકબુદ્ધિ જ્યારે તેનામાં જાગ્રત થાય છે, ત્યારે ક્ષણભર સુખાભાસ કરાવતી દુન્યવી જડ ચીજોની તેમજ ભાડાના ઘર જેવા શરીરાદિની ક્ષુલ્લકતા, ક્ષણિકતા અને નિરર્થકતા તેને સમજાઈ જાય છે... અને આમ બાહ્ય જગતમાં સુખ કે આનંદ શોધવાને બદલે, બુદ્ધિશાળી વિચારક કશુંક શાશ્વત મેળવવા પોતાની ભીતર ઝાંકીને જોવા પ્રેરાય છે.

શાસ્ત્રો જણાવે છે કે જે આત્મા તમારી અંદર વાસ કરે છે, તે જ મારામાં અને તે જ અન્ય સૌ કોઈમાં રહેલો છે. અને આ ચૈતન્ય-સ્વરૂપ આત્મા તે જ પરમાત્મા છે, તે જ બ્રહ્મ છે. આ બ્રહ્મ કે પરમાત્મા વિશે સૈદ્ધાન્તિક વિધાનો કરવાને બદલે, ઉપનિષદો તે ઐક્યાનુભૂતિ કાજે આવશ્યક એવાં સાધનો ભણી અંગુલિનિર્દેશ કરી, જિજ્ઞાસુ સાધકને તેની પોતાની મેળે—અને પોતાની રીતે — લક્ષ્ય સિદ્ધ કરવા છૂટો મૂકી દે છે. આમ છતાં, તત્કાલીન ઋષિઓની ભીતર સ્ફુરેલ અંતર્જ્ઞાન, અનુભૂતિ અને ચરમ આવિષ્કાર પર આધારિત ઉપનિષદો, સત્યની ખોજ માટે નીકળી પડેલા ઉત્સુક સાધક માટે અદ્ભુત

પથપ્રદર્શક બની રહે છે.

આત્મજ્ઞાન કે પરમાત્મપ્રાપ્તિ કાજે 'હું-પણા'ની સમસ્ત ગ્રંથિઓ ભેદાઈ જવી જોઈએ. Ego must go. મોટા મોટા યોગીઓને પણ અગમ્ય એવા એ ગહન તત્ત્વને પામવા માટે હચુપચુ મન કે પ્રયાસોનું અધકચરાપણું બિલકુલ ચાલે નહીં. આપણે પોતાનાં અલગ (ભિન્ન) વ્યક્તિત્વની સભાનતા અને અહંવૃત્તિને જ્યારે પૂરેપૂરી પીગળી જવા દઈએ, પોતીકી જાતિ-જ્ઞાતિની વાત સંપૂર્ણતયા વીસરી જઈએ અને સમષ્ટિના સાગરમાં એકરૂપ બની જઈએ, ત્યારે જ આપણા નિર્મલ હૃદયની કોરી સ્લેટ પર પરમાનંદની પ્રતિષ્ઠા શક્ય બને છે. કોઈ કવિએ સાવ સાચું કહ્યું છે કે જે પાત્રો પૂર્ણપણે ખાલી નથી થતાં, તેને નવેસરથી ભરી શકાય શી રીતે? અહંકારમાં અકડાઈને અડિયલ ટટ્ટુ બની રહીએ, પોતે એક ભિન્ન વ્યક્તિ તરીકે અન્ય સૌથી અલાયદું અસ્તિત્વ ધરાવનાર Mr. X છીએ, એવી અલગપણાની વૃત્તિને પંપાળ્યા કરીએ ને પોષતા રહીએ, તો આત્મૈક્યની પરમાનુભૂતિને લાયક ક્યારેય નથી બની શકતા. આ મુદ્દો સમજાવતા ઓશો કહે છે કે પાણીનાં બાષ્પીભવન માટે ૧૦૦° સે. સુધી પાણીને ઉકાળવું જરૂરી છે — એમ વિચારીએ કે ૫૦° સે. સુધીના તાપમાને ઉકાળીશું, તો ૫૦ ટકા પાણીની વરાળ તો થશે જ ને? તો તે ગલત છે, અવૈજ્ઞાનિક છે. ૫૦° સેન્ટિગ્રેડના તાપમાનથી તો પાણી માત્ર હૂંફાળું જ થાય, તેની વરાળ ન બને, તે દીવા જેવું સ્પષ્ટ છે. આ જ પ્રમાણે શિષ્ય/ઉપાસકના મનની સ્લેટ તદ્દન કોરી હોવી જોઈએ. કોઈ પણ જાતની સભાનતા, પૂર્વગ્રહ કે અહંબુદ્ધિથી અસ્પૃષ્ટ અને નિર્લેપ એવી માનસિકતા કેળવી, સોએ સો ટકા ઉત્સુકતાપૂર્વક, પૂરેપૂરો પ્રયાસ કરવામાં આવે, તો જ અને ત્યારે જ આત્માનુભૂતિનો અવસર સાંપડે. મનનું પાત્ર પૂરેપૂરું રિક્ત થાય, ત્યારે જ પરિપૂર્ણ થઈ શકે — એમ કહેવું 'વદતો વ્યાઘાત' જેવું ભાસે.... પરંતુ તે સત્ય છે; વસ્તુતઃ જડ અને અનિત્ય જગતની મોહમાયાથી મુક્ત થવા ઇચ્છુક માણસે, પરબ્રહ્મના જ્ઞાન કાજે ગુરુનું શરણ શોધવું જ રહ્યું, કેમ કે 'ગુરુ વિના જ્ઞાન ન મળે.' આમ છતાં, જ્યારે મોક્ષમાર્ગે પદાર્પણ કરનાર જિજ્ઞાસુ અને અજ્ઞાન-પટ હટાવનાર બ્રહ્મજ્ઞ આચાર્ય એ બે વચ્ચેનો, શિષ્ય અને શિક્ષક વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય છે, જ્ઞાતૃ, જ્ઞેય અને જ્ઞાનની પ્રક્રિયાના સીમાડાઓ પણ જ્યાં એકાકાર થઈ જાય છે, ત્યાં અને ત્યારે મોક્ષમાર્ગના રાહીની ભીતર એક ગહન, ઊંડી એકાત્મતાનો ઉજાસ પથરાય

છે... અને તત્કાળ તેનું હૃદય તે સમગ્ર વિશ્વના સર્જક, પોષક, નિયામક અને તારણહાર એવા ચૈતન્ય-સ્વરૂપની પ્રાર્થના કરવા પ્રેરાય છે.... ગુરુ અને શિષ્ય બંને મળીને આ સર્વાત્મભૂત તત્ત્વને પ્રાર્થે છે:

ॐ सह नाववतु । सह नौ भुनक्तु ।
सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै ॥
ॐ शांतिः शांतिः शांतिः ॥

*ૐ અમારું અધ્યયન (જ્ઞાન, અથવા તે પરમતત્ત્વ બ્રહ્મ) અમારા બંનેનું (ગુરુ અને શિષ્યનું) સાથે રક્ષણ કરો. તે અમારા બંનેનું સાથે પોષણ કરો (અથવા અમને બંનેને ભોજન, આદિ જીવનની આવશ્યક વસ્તુઓ પૂરી પાડો). અમે બંને સાથે પરાક્રમ (મહેનત) કરીએ (જેથી શાસ્ત્રનો મર્મ ગ્રહણ કરી શકીએ). અમારું અધ્યયન (જ્ઞાન) તેજસ્વી બનો. અમે બંને (અન્ય કોઈનો તેમજ પરસ્પર એકબીજાનો) દ્વેષ ન કરીએ... ૐ (અ+ઉ+મ્) શાન્તિ: (અર્થાત્ કાળ-સ્થળ-જન્ય ઉપાધિઓથી અમારું રક્ષણ કરી શાંતિ બક્ષો); શાન્તિ: (અર્થાત્ માનસિક ચિંતારૂપી આધિથી અમારું રક્ષણ કરી શાંતિ આપો); શાન્તિ: (એટલે શરીરને લગતી વ્યાધિથી અમારો બચાવ કરી શાંતિ બક્ષો).*

ઉપનિષદોના પ્રારંભમાં શાંતિપાઠરૂપે બોલતા કેટલાક મંત્રોમાંનો અત્યંત પ્રસિદ્ધ એવો આ મંત્ર (મનનાત્ મંત્ર:) સાચા અર્થમાં મનનીય બની રહે તેવો અદ્ભુત છે. કોઈ પણ શુભકાર્ય હાથ ધરતાં પહેલાં, તે કામ સારી રીતે પાર પડે અને સફળ નીવડે તે અંગે કર્તાના મનમાં એક પ્રકારની આશંકા/ભીતિ રહેલી હોય છે કે વચ્ચે કોઈ અડચણ અને વિઘ્નો નડશે તો? તેથી શરૂઆતમાં વિઘ્ન-નિવારણ માટે પ્રભુની પ્રાર્થના કરવામાં આવે છે. તે જ પ્રમાણે અહીં આત્મજ્ઞાનની ખોજમાં નીકળેલ સાધક શિષ્ય અને જ્ઞાનારૂઢ ગુરુ—બંનેએ સાથે મળીને કરેલી સુરક્ષિતતા અંગેની પ્રાર્થના છે.

વાસ્તવમાં ઔપનિષદ ઋષિ તો તત્ત્વદ્રષ્ટા છે, જ્ઞાની છે, સર્વ ભૂતપ્રાણીમાં આવાસ કરી રહેલ આત્મતત્ત્વની એકતાની તેને અનુભૂતિ થયેલી છે, જ્યારે પરમાત્મા-પ્રાપ્તિ/ બ્રહ્મજ્ઞાન મેળવવા ઇચ્છુક શિષ્ય તો ઉપાસક છે: છતાંયે ઉપરોક્ત શાંતિપાઠના મંત્રમાં બંને સાથે મળીને જે રીતે પરમાત્માને પ્રાર્થે છે, સાથે જ, ભેગા મળીને, પોતાના અધ્યયનના કાર્યમાં સુરક્ષિતતાની યાચના કરે છે તેમાં અભૂતપૂર્વ યુગ્મ-ભાવના, સહયોગ અને અરસપરસના

સુખ માટેની વાંછના અભિવ્યક્ત થાય છે. જો જ્ઞાની આચાર્ય અને વિદ્યાર્થી વચ્ચે સુમેળ, સહકારિતા અને વિશ્વાસનો દૃઢ સેતુ ન બંધાયો હોય, તો શાસ્ત્રોનું સાચું અધ્યયન લગભગ અશક્યવત્ બની જાય, કારણ કે શ્રુતિની ગહનતા પામવાને બદલે નિરર્થક વિતંડાવાદ અને ઈર્ષ્યાજન્ય અસહિષ્ણુતામાં જ સમય બરબાદ થઈ જાય.

આમ, ઉપરના શાંતિ-મંત્રમાં ગુરુ અને શિષ્ય સાથે મળી જે વિનમ્ર પ્રાર્થના વિશ્વનિયંતા પરમાત્મા પ્રત્યે કરે છે, તેમાં બંનેના સંયુક્ત સંરક્ષણની ભાવના સર્વોપરી છે. સુરક્ષા, ઉપભોગ, પરાક્રમ, પ્રકાશમય જ્ઞાનોપલબ્ધિ અને પારસ્પરિક તેજોદ્વેષનો સદંતર અભાવ... આ બધાંની યાચના ગુરુશિષ્ય બંને કરે છે, અને બંને કાજે કરે છે, એ વિશિષ્ટ મુદ્દો આ મંત્રને અવનવી ગરિમા પ્રદાન કરે છે. વિદ્યાપ્રાપ્તિ માટે પોતાને શરણે આવેલ શિષ્યની સમાન કક્ષાએ પોતાને મૂકનાર એક પ્રબુદ્ધ આચાર્ય અધ્યાપન વેળાએ પોતે પણ સાથે સાથે અધ્યયન કરી રહ્યો છે અને નિજ જ્ઞાનપ્રકાશમાં વૃદ્ધિ ઝંખી રહ્યો છે — એ પ્રાર્થનાનાં મૂળમાં ગુરુની ઋજુતા, વિનમ્રતા અને અહંકાર-શૂન્યતા જોવા મળે છે... જે અજોડ છે.

આમ, ઉપાસનાના પ્રારંભમાં બોલાતો આ મંત્ર ભણીને ગુરુ-શિષ્ય બંને અશાંતિના નિવારણ માટે 'શાન્તિ:, શાન્તિ:, શાન્તિ:' એમ ત્રણ વાર ઉચ્ચારણ કરે છે. આ ત્રણની સંખ્યા પણ સૂચક છે. અશાંતિ ત્રણ સ્થાનોમાં જન્મે છે અને એના ઉદ્ભવના મૂળસ્રોતો પણ ત્રણ છે. દુ:ખને કારણે મનુષ્ય અશાંત બની જતો હોય છે. અને આ દુ:ખનું કારણ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક હોઈ શકે. આધ્યાત્મિક કારણો મન અને શરીરને લગતાં હોય છે. દા. ત., મનુષ્યના શરીર પર રોગોનું આક્રમણ થાય તેને કારણે જન્મતું દુ:ખ. તેમજ કામ, ક્રોધ, મોહ, મદ, લોભ, ઈર્ષ્યા ઇત્યાદિ માનસિક દુર્ભાવનાને કારણે ઉદ્ભવતાં દુ:ખોને આધ્યાત્મિક દુ:ખો ગણવામાં આવે છે.

આધિદૈવિક એટલે દેવોને લગતાં: પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ જેવાં પંચમહાભૂતો અને અન્ય ગ્રહ નક્ષત્રો ક્યારેક ભારે ઊથલપાથલ અને અનર્થ સર્જતાં હોય છે. ભૂકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ ઇત્યાદિનાં કારક આ આધિદૈવિક કારણો છે, જેના પર મનુષ્યની સત્તા ચાલતી નથી. માટે આવાં આધિદૈવિક દુ:ખોનાં નિવારણ માટે 'શાન્તિ:'ની યાચના કરવામાં આવી છે.

ત્રીજું કારણ 'આધિભૌતિક' છે, અર્થાત્ અન્ય ભૂતપ્રાણીઓ દ્વારા આવી પડતું દુઃખ, જેવું કે મધમાખી, સર્પનો દંશ, કૂતરું કરડી જાય વગેરે. સર્વે પ્રાણીઓ આપણી સાથે મિલનસાર રહી સાનુકૂળ વર્તન કરે અને આપણને કનડે નહીં, તે અંગે ત્રીજી વાર આ 'શાન્તિ:'નું ઉચ્ચારણ કરવામાં આવે છે.

આમ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એમ ત્રણ પ્રકારનાં દુઃખનું નિવારણ થાય અને પરમશાંતિ પ્રાપ્ત થાય તે કાજે ત્રણ વખત 'શાન્તિ'નું પઠન કરવામાં આવે છે.

❖❖❖

*ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राण: चक्षु: श्रोत्रम्*
*अथो बलमिन्द्रियाणि च सर्वाणि*
*सर्वं ब्रह्मौपनिषदं, माऽहं ब्रह्म निराकुर्याम्*
*मा मा ब्रह्म निराकरोत् ।*
*अनिराकरणमस्तु, अनिराकरणं मेऽस्तु ।*
*तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु*
*ते मयि सन्तु ॥*

*ॐ शान्ति: शान्ति: शान्ति: ॥*

*મારાં અંગો પુષ્ટ બનો; વાણી, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર તથા સર્વ ઇન્દ્રિયો બલિષ્ઠ બનો. (જે કાંઈ છે તે) સર્વ, ઉપનિષદો જેને પ્રતિપાદિત કરે છે તે બ્રહ્મ જ છે. હું તેનો ત્યાગ ન કરું — અને બ્રહ્મ પણ મારો ત્યાગ ન કરો. મારું અનિરાકરણં હો, (અર્થાત્ આદર, સ્વીકાર, અંગીકરણ હો), મારો ત્યાગ ન હો. આત્મામાં મગ્ન (નિરત) રહેનાર માટે ઉપનિષદે નિરૂપેલા જે ધર્મો હોય, તે મારામાં ઊતરો (વસો), તે મારામાં રહો.*

મુક્તિકોપનિષદનો આ મંત્ર છે. જે કેનોપનિષદના શાંતિપાઠ તરીકે બોલાય છે. આ શાંતિપાઠમાં કોઈ દેવ-દેવતાની સ્તુતિ કે આરાધના પ્રાયઃ નથી હોતી, પણ સમસ્ત વિશ્વનાં ભૂતપ્રાણીઓની માંહે આવાસ કરીને રહેલ પરમાત્મા પ્રત્યે હાર્દિક પ્રાર્થના રજૂ થયેલી જણાય છે.

પોતાના સર્વાંગી અને સંવાદી એવા વ્યક્તિત્વની ખિલવણી માટે સાધકે શરીર, મન અને આત્માનો સંપૂર્ણ વિકાસ સાધવો આવશ્યક બની રહે છે. અશક્ત અને રોગગ્રસ્ત શરીર ભગ્નાશ હૃદય કે જર્જરિત  બુદ્ધિ સાથે

અધ્યાત્મને માર્ગે ચાલી ન શકાય.[1] માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે: 'नायमात्मा बलहीनेन लभ्यः ।'[2] શારીરિક શક્તિ, માનસિક તત્પરતા/નિષ્ઠા તેમજ બૌદ્ધિક જાગરૂકતા હોવા ઉપરાંત પરમાત્માની કૃપા હોવી પણ જરૂરી છે... અને એ સર્વ મેળવવા અંગે સૌપ્રથમ તો પ્રાર્થનામય હૃદય હોવું જરૂરી છે.

ઉપરોક્ત મંત્રમાં એક મુદ્દો ખાસ ધ્યાન ખેંચે એવો છે:

ગુરુશિષ્ય સાથે મળીને પ્રાર્થના કરે છે કે જે કોઈ ગુણો ઉપનિષદમાં નિર્દિષ્ટ હોય તે તે ગુણો મારામાં ઊતરે, આવાસ કરે — એમાં ગુરુના હૃદયની વિશાળતા અને વિનમ્રતા ઊપસી આવે છે — કે પોતે સદ્‌ગુણસંપન્ન, પ્રબુદ્ધ અને સિદ્ધ હોવા છતાંયે પરમાત્મા આગળ એક શિષ્ય/સાધકની માફક, વિશેષ જ્ઞાનપ્રકાશ મેળવવા ઉત્સુક બનીને પ્રાર્થના કરે છે.

ઉપનિષદો પરમાત્મબ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, નિરંજન, અજરામર ઇત્યાદિ સ્વરૂપે વર્ણવે છે. હવે કેવળ સત્-ચિત્-આનંદ સ્વરૂપ માત્ર હોવાથી બ્રહ્મ અમૂર્ત અને અતીન્દ્રિય બની રહે છે. આવા સૂક્ષ્મ, ગહન અને અમૂર્ત સ્વરૂપે બ્રહ્મને ગ્રહણ કરવું અઘરું બની જાય છે. આને લીધે સામાન્ય મનુષ્યના મનમાં તે વિશે અનાસ્થા અને સંશય જાગે, તે સ્વાભાવિક છે. આમ, બનવાજોગ છે કે તેઓ બ્રહ્મનો અસ્વીકાર કરે, નિષેધ કરવા પણ પ્રેરાય... આવી ગલત પરિસ્થિતિથી બચવા માટે જ જાણે કે ઋષિએ યાચના કરી છે કે પોતે બ્રહ્મનો અનાદર ન કરે. ઓશો આ મુદ્દાને સ્પષ્ટ કરતાં કહે છે કે જે માણસ બધી વસ્તુઓ વિશે શંકા-સંદેહ રાખીને જે તેનો અનાદર અને નિષેધ કરતો રહે છે, તેની જિંદગી સ્વયં એક આત્મ-નિષેધ જેવી બની જાય છે અને ધીરે ધીરે સંકોચાતી જાય છે, ગૂંગળાઈ ગૂંગળાઈને મૃતપ્રાય બની જાય છે.

બ્રહ્મવિદ્યાનો ઉપાસક પ્રાર્થે છે કે પોતે બ્રહ્મનો નિષેધ/અનાદર ન કરે, અને તે જ મુજબ બ્રહ્મ દ્વારા પોતાનો પણ સ્વીકાર થાય. આ 'अनिराकरणमस्तु अनिराकरणं मे अस्तु' એમ બે વાર રટણ કરીને ઉપાસકે અંતરની આરજૂ વ્યક્ત કરવા કોશિશ કરી છે.

સંક્ષેપમાં, કેનોપનિષદના શાંતિપાઠમાં રજૂ થયેલા આ મંત્ર દ્વારા સાધક પ્રાર્થે છે કે પરમાત્મપ્રાપ્તિ માટે આવશ્યક એવા સર્વે ઔપનિષદ-ગુણો મારામાં

૧. 'शरीरमाद्यं खलु धर्मसाधनम् ।'
૨. मुण्डकोपनिषद. (૩-૨.)

સંક્રાન્ત થાઓ, જેથી હું સદાચારી બનું. ઉપનિષદો જે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, તે સર્વવ્યાપી પરમતત્ત્વનો હું કદાપિ અનાદર ન કરું, અને મારી બધી ઇન્દ્રિયો બલિષ્ઠ અને સક્ષમ બનીને તે કાર્યસિદ્ધિ માટે મને સહાયભૂત બની રહે. આ સાથે સાથે બ્રહ્મ પણ મારો સ્વીકાર કરે.

આજે તો ઠેરઠેર થતી યથાકથિત પ્રાર્થનાની પાછળ લૌકિક ભોગની લાલસા — સત્તા, કીર્તિ, સુખસાહેબી માટેની સાધનસામગ્રી ઇત્યાદિની માગણી — એ સિવાય અન્ય કોઈ ઉદાત્ત ભાવના નજરે પડતી નથી... આપણા કવિ સુરેશ દલાલે કહ્યું છે તેમ મંદિરની અંદર પણ ભિખારી અને મંદિરની બહાર પણ ભિખારી જોવા મળે છે!

ઔપનિષદ ઋષિની પરમ શ્રેય પ્રાપ્ત કરવા અંગેની આંતરિક ઝંખના રજૂ કરતી આ પ્રાર્થના એક અવનવું સ્પંદન જગાવી જાય છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

❐

# ખંડ ૧

પ્રમુખ ગણાતાં દસ ઉપનિષદોમાં ઈશોપનિષદ પછી 'केनोपनिषत्'ની ગણતરી કરવામાં આવે છે. તે સામવેદના જૈમિનીય અથવા તલવકાર બ્રાહ્મણના નવમા અધ્યાયમાં છે, તેથી તેને 'तलवकार उपनिषत्' પણ કહે છે.

'કેન' શબ્દથી આનો પ્રારંભ થતો હોવાથી એનું 'કેનોપનિષદ' નામ પ્રચલિત થયું છે.

અથર્વવેદમાં 'केनसूक्त' આવે છે: તેનો તેમજ ઉપરોક્ત ઉપનિષદનો વિષય એક જ છે અને વિષય-છણાવટ સુધ્ધાં લગભગ સરખી જ છે: માત્ર 'केनसूक्त'માં પ્રશ્નોને આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એમ ત્રિવિધ વિભાગસર, તેમજ વિશેષ વિગતવાર રજૂ કરાયા છે, જ્યારે केनोपनिषदના પ્રશ્નો મુખ્યત્વે આધ્યાત્મિક છે. છતાં સૂક્તના બધાયે પ્રશ્નોનો સમાવેશ કેનોપનિષદના પ્રશ્નોમાં થઈ જાય છે.

સંવાદાત્મક લઢણમાં રચાયેલા કેનોપનિષદમાં આવતા केनेषितम् વગેરે પ્રશ્નોને તેના બાહ્ય શાબ્દિક અર્થમાં જ ઘટાવનાર કેટલાક સમીક્ષકોનું માનવું છે કે ઔપનિષદ ઋષિમાં પોતાના શિષ્યની જિજ્ઞાસા સંતોષવાની ક્ષમતા નહોતી... પરંતુ અહીં જણાવવું આવશ્યક બની રહે છે કે જે-તે પ્રશ્નમાં પ્રયોજેલ શબ્દ પાછળનો ભાવ સમજવો તો જરૂરી હોય જ, અપિ તુ તે અગાઉ, પ્રશ્નની રચના પણ ઝીણી નજરે જોવી જરૂરી બની જાય છે. એમ કરતાં તાબડતોબ સ્પષ્ટ થઈ જાય છે કે શિષ્ય પોતે પણ એમ જ પૂછી રહ્યો છે કે 'કોની ઇચ્છાથી, केनेषितम् કોના વડે પ્રેરિત થઈને ('प्रेषितम्') મન દોડાદોડ કરે છે? કયો દેવ આંખ અને કાનને પોતપોતાનાં કામમાં લગાડે છે? ઇત્યાદિ... વિચારક મનુષ્યને આ પ્રશ્નોની ભીતર જ એક મુદ્દાની પ્રતીતિ થઈ જાય છે કે શરીરની બધી જ્ઞાનેન્દ્રિયો/કર્મેન્દ્રિયોને કાર્યમાં પ્રવૃત્ત કરનાર કે કાર્યરત થવા પ્રેરનાર

કોઈ અન્ય જ તત્ત્વ છે. ઇન્દ્રિય અને વિષય — એ બેનું અનુસંધાન કરનાર 'મન' છે; પરંતુ સ્વયં મનને પણ અન્ય કોઈ વિશિષ્ટ તત્ત્વની પ્રેરણા, બળ તેમજ પ્રકાશની જરૂર હોય છે. એ પ્રેરક અને પ્રેરણાદાયી એવું ચૈતન્ય તેને કોણ બક્ષે છે?

ઉદાહરણ તરીકે, જ્યારે આપણું મન કોઈ સમસ્યાની આંટીઘૂંટીમાં ખૂબ વ્યસ્ત થઈ ગયું હોય, ત્યારે આપણી સમક્ષ ટીવી સ્ક્રીન પર દર્શાવાતી વિશ્વસુંદરીની સ્પર્ધા સુધ્ધાં આપણને દેખાતી નથી... આપણા ચક્ષુનો તેના વિષયરૂપ ટીવી સ્ક્રીન સાથે સંયોગ અવશ્ય થાય છે, પરંતુ તે બેનું અનુસંધાન કરાવનાર મન કશે બીજે જ અટવાયેલું હોવાથી, દશ્યનું ભાન/જ્ઞાન પેદા થતું નથી. આમ, બીજી બધી ઇન્દ્રિયો પણ પોતપોતાના વિષયના સંબંધમાં આવવા છતાં, મનના અનુસંધાન વગર, વિષયને પારખી શકતી નથી.

તે જ મુજબ, મન પોતે પણ સર્વદા સ્વસ્થ અને સજાગ હોતું નથી. તેને પણ અન્યની પ્રેરણા અને પ્રકાશની આવશ્યકતા હોય છે. મનના વ્યાપાર અને કૂદાકૂદ માટે તેને પણ કોઈ ચૈતન્યની જરૂર રહે છે. આમ, મન તો અન્યોના અનુસંધાનનાં કાર્યમાં એક સાધનમાત્ર છે, એમ કહી શકાય.

પ્રાણ પણ વાયુમાત્ર છે, જે જડ છે. કોઈ પણ જડ વસ્તુની ગતિ/શક્તિ ચેતન-તત્ત્વને આધારે જ થતી હોય છે. આ જ વાત ચક્ષુ, શ્રોત્ર, વાણી વગેરે જ્ઞાનેન્દ્રિયોને તેમજ કર્મેન્દ્રિયોને લાગુ પડે છે... તો તે સર્વને પ્રવૃત્ત કરનાર કોણ?

વળી, ઇન્દ્રિયો અને મન જો સ્વતંત્ર હોય, તો હંમેશાં ક્રિયાશીલ રહે... પણ એવું જોવા મળતું નથી. સુષુપ્તિ કે ગાઢ નિદ્રામાં મન વિલીન થઈ જાય છે અને એ અવસ્થામાં કશું કરવા-કરાવવા સક્ષમ નથી, તેથી તે (મન) સ્વતંત્ર ન હોઈ શકે. જડ પ્રકૃતિનું સંતાન હોવાને કારણે મન પણ જડ છે. અને આપણે જાણીએ છીએ કે કોઈ પણ જડ વસ્તુ સ્વતંત્રપણે ક્રિયા કરવા સમર્થ નથી. આથી, સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊઠે કે મનને કોણ પ્રકાશિત કરે છે?

ઔપનિષદ ઋષિ સૂચવે છે કે પોતાના પ્રયોજકને, પોતાના પ્રકાશકને સમજવાનું ગજું મન/ઇન્દ્રિયોનું ક્યાંથી હોય? પ્રકાશોના પ્રકાશરૂપ ચૈતન્યાત્માથી જ પ્રકાશિત થતાં મન અને ઇન્દ્રિયો, બીજા બહારના વિષયોને પ્રકાશિત કરે છે, પરંતુ પોતાના જ પ્રકાશકને પ્રકાશિત કરવાની શક્તિ તેઓ ક્યાંથી લાવે?... આમ, એ પરમતત્ત્વને પામવા મન, બુદ્ધિ ને ઇન્દ્રિયો પાછાં

પડે છે... 'यतो वाचो निवर्तन्ते अप्राप्यो मनसा सह ।'

કેનોપનિષદના પ્રથમ મંત્રમાં જ આ મુદ્દાનું નિરૂપણ કરીને ઋષિ સમજાવે છે કે આ બધા ઇન્દ્રિય-વ્યાપારોથી ઉપર ઊઠીને, પોતાની જાતને પૂર્ણપણે બંધન-મુક્ત કરીને (अतिमुच्य), ડાહ્યા માણસો પ્રકાશોના પ્રકાશને પામે છે અને અમર બની જાય છે.

*ॐ केनेषितं पतति प्रेषितं मनः ।*
*केन प्राणः प्रथमः प्रैति युक्तः ॥*
*केनेषितां वाचमिमां वदन्ति ।*
*चक्षुः श्रोत्रं, क उ देवो युनक्ति ॥ १ ॥*

*કોની ઇચ્છાથી, કોની પ્રેરણાથી, મન દોડાદોડ કરે છે? કોની નિયુક્તિથી (કોના હુકમથી) પ્રથમ પ્રાણ ચાલે છે? આ વાણી કોની ઇચ્છાથી બોલાય છે? કયો દેવ (કયું દૈવી તત્ત્વ) આંખ અને કાનને પોતાના કામમાં જોડે છે? (૧)*

*श्रोत्रस्य श्रोत्रं, मनसो मनो, यद्वाचो ह वाचं*
*स उ प्राणस्य प्राणः ।*
*चक्षुषश्चक्षुरतिमुच्य धीराः*
*प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥ २ ॥*

ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં ઋષિ કહે છે:
*એ કાનનોયે કાન અને મનનુંયે મન છે. જરૂર એ વાણીની પણ વાણી, પ્રાણનોયે પ્રાણ અને આંખનીયે આંખ છે. આ લોકમાંથી જઈને (प्रेत्य) — અથવા અલગ થઈને, ધીર પુરુષો પોતાની જાતને અત્યંત મુક્ત કરીને, અમર બની જાય છે. (૨)*

ઇન્દ્રિયવિષયોનો ઉપભોગ કરી કરીને મનુષ્યને છેવટે તેની મર્યાદા, ક્ષણિકતા અને સુખાભાસ પેદા કરનારી લાક્ષણિકતા સમજાય છે; તેને થાય છે કે ભૌતિક પદાર્થો મેળવવા માટે માંડેલી ગાંડી દોડાદોડી ભરેલી પોતાની રોજિંદી જીવનચર્યા એક અનંત ચકરાવો છે... પોતાની જ છાયાને પકડવા આદરેલ પ્રયત્ન જેવી મૂર્ખ દોટ!... જડ શરીર, ઇન્દ્રિયો અને સ્વયં મન કે બુદ્ધિ સુધ્ધાં પોતાની જાતે કશુંયે કાર્ય કરવાની ક્ષમતા ધરાવતાં નથી, તો આ બધાંને કાર્ય કરવાની પ્રેરણા, પ્રકાશ અને શક્તિ આપનાર એવું કયું ચૈતન્ય હશે, એ અંગે તે વિચાર કરતો થાય છે અને તે શાસ્ત્રો ભણી વળે છે.

વિશ્વભરના ધર્મગ્રંથો/શાસ્ત્રોમાં જીવનની અનંતતા, માનવ-જીવન કે અસ્તિત્વ પાછળનું પ્રયોજન, જિંદગીનો હેતુ વગેરે વિષયો અંગે વિચારણા થયેલી જોવા મળે છે. ઘડી બે ઘડી સુખાભાસ કરાવનાર શરીરને તેમજ સમસ્ત ભૂતપ્રાણીઓને કાર્ય કરવાની ક્ષમતા બક્ષનાર પરમાત્મ બ્રહ્મનાં સ્વરૂપ વિશે મનુષ્યને જિજ્ઞાસા પેદા થાય છે. સમગ્ર જગતનાં પ્રાણીઓની ભીતર વસનાર પરમાત્મા પોતાથી ભિન્ન નથી, એ ચરમ ઐક્યાનુભૂતિ માનવ-જીવનનું અંતિમ લક્ષ્ય બની જાય છે. કેનોપનિષદ જેને શ્રોત્રસ્ય શ્રોત્રં 'મનનુંયે મન', 'વાણીનીયે વાણી', 'પ્રાણનો સુધ્ધાં પ્રાણ' અને 'ચક્ષુનુંયે ચક્ષુ' કહીને વર્ણવે છે, એવા પરમ ચૈતન્યઘન બ્રહ્મનું આલેખન કરવા માટે વાણીના વ્યવહાર માટે યોજાતા શબ્દો સર્વથા અસમર્થ બની રહે છે, એવું સૂચન ઉપરોક્ત મંત્ર કરે છે. જે મન-બુદ્ધિથી પર હોય, તેને મનની મર્યાદામાં બાંધવું કે બુદ્ધિની તર્કયુતિથી સમજવું-સમજાવવું અશક્યવત્ છે. માટે જ ઋષિ કહે છે કે જડ શરીરાદિને સર્વસ્વ માનીને તેના લાલન-પાલન પાછળ પોતે સારી જિંદગી વેડફી નાંખી અને તેની મોહમાયામાં જે અટવાઈ ગયો, તે મનુષ્ય જ્યારે જાગ્રત થઈ આ બધાં બંધન — કારણોથી મુક્ત થાય છે, ત્યારે તેને અમરપણું પ્રાપ્ત થાય છે. આવો વિવેકશાળી (ધીર) મનુષ્ય અનુભૂતિના અગમ્ય પ્રદેશમાં પ્રવેશ કરે છે. ઓશો કહે છે કે જ્યારે મન-બુદ્ધિનું અસ્તિત્વ મિટાવી દેવામાં આવે, તજ્જન્ય કોલાહલ શમાવી દેવામાં આવે, ત્યારે જ પરમશાંતિની ભીતરી આબોહવામાં આતમની અનુભૂતિ અંકુરિત થાય છે.

આત્મા જ સર્વનો પ્રકાશક/પ્રેરક છે, એવા જ્ઞાનમાં બાધક બનતી બધી જ અનાત્મભૂત જડ વસ્તુઓથી સૌપ્રથમ મુક્તિ મેળવવી જોઈએ. સ્વામી ચિન્મયાનંદજી કહે છે કે 'ઇન્દ્રિયાદિ જ સ્વયં આત્મા છે,' એવી 'હું' પણાની ભ્રાન્તિથી છુટકારો મેળવીને, નિર્ભ્રાન્ત થયેલ ધીર મનુષ્ય પ્રકાશોના પ્રકાશને પામે છે અને અમર બની જાય છે.

❐

# ખંડ-૨

न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनः ।
न विद्मो न विजानीमो यथैतदनुशिष्यात् ॥
अन्यदेव तद् विदितादथो अविदितादधि ।
इति शुश्रुम पूर्वेषां ये नस्तद् व्याचचक्षिरे ॥ ३ ॥

(સર્વને ચૈતન્ય બક્ષનાર) તે આત્મા સુધી નથી ચક્ષુ (નેત્ર) પહોંચતું કે નથી વાણી તેને વર્ણવી શકતી અને આપણું મન પણ એ વિશે વિચારી શકતું નથી. (એ ત્રણે જ્ઞાનસાધનોની જ્યાં પહોંચ નથી એવા આત્મતત્ત્વને) અમે જાણતા નથી. એટલે એનાં સ્વરૂપ અંગે શો ઉપદેશ આપવો તે અમને સમજાતું નથી. તે જ્ઞાત વસ્તુઓથી તેમજ અજ્ઞાત વસ્તુઓથીયે નિરાળું (અન્યદેવ) છે, એવું અમે પૂર્વાચાર્યો પાસેથી સાંભળ્યું છે જેમણે અમને તે અંગે બોધ આપ્યો છે. (૩)

यद्वाचाऽनभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते ॥ ४ ॥

જે વાણીથી બોલાતું નથી (વ્યક્ત થતું નથી) પણ જેના વડે વાણી (સ્વયં) બોલતી થાય છે, તેને જ તું બ્રહ્મ જાણ... વાણી જેની (શબ્દો દ્વારા) ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથી. (૪)

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते ॥ ५ ॥

જેનું ચિંતન મન વડે કરાતું નથી, પણ જેને કારણે મન ચિંતન-મનન કરે છે, તેને જ તું બ્રહ્મ જાણ, મન જેને ઉપાસે છે તે બ્રહ્મ નથી. (૫)

यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते ॥ ६ ॥

આંખ વડે જે જોતું નથી, પણ આંખ જેના વડે જોઈ શકે છે, તેને તું બ્રહ્મ જાણ, — આંખ દ્વારા જેની ઉપાસના થતી જોવાય છે તે બ્રહ્મ નથી. (૬)

यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते ॥ ७ ॥

સાંભળવા માટે જેને શ્રોત્ર (કાન)ની જરૂર પડતી નથી પરંતુ કાન (ખુદ) જેને લીધે સાંભળે છે, તેને તું બ્રહ્મ જાણ; — શ્રોત્ર મારફત જેની ઉપાસના કરાય છે તે બ્રહ્મ નથી. (૭)

यत्प्राणेन न प्राणिति, येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते ॥ ८ ॥

જેની જીવનસ્થિતિ (प्राणनं) પ્રાણને લીધે (અર્થાત્ શ્વાસોચ્છ્વાસને લીધે) નથી, પણ જેને આધારે પ્રાણ સ્વયં પણ પ્રાણન કરે છે, (જીવિત રહે છે), તેને તું બ્રહ્મ જાણ, પ્રાણ શબ્દથી જેની ઉપાસના થાય છે તે બ્રહ્મ નથી. (૮)

આંખની સામે (સમ + અક્ષ) સમક્ષ — જે જે વસ્તુ હોય, તે સર્વ વસ્તુઓને આંખ જોઈ શકે છે. આમ, આંખ દ્વારા બહારની દુનિયા દેખાય, પણ આત્મા તો ભીતર રહેલ છે — તેથી આંખ તેને કેવી રીતે જોઈ શકે?— વળી, આંખ પોતે તો કશું જોઈ શકતી નથી: આંખની પાછળ રહેલ ચૈતન્ય તત્ત્વ આંખને જોવાની ક્ષમતા બક્ષે છે, એ આપણને આગલા મંત્ર દ્વારા સમજવા મળ્યું. સ્વામી ચિન્મયાનંદજી આ મુદ્દાને સ્પષ્ટ કરવા ઑબ્ઝરવેટરીના ટેલિસ્કોપનું ઉદાહરણ આપી કહે છે કે ટેલિસ્કોપ પોતાની જાતે કશું જોવાની ક્ષમતા ધરાવતું નથી: ટેલિસ્કોપના દૃષ્ટિકેન્દ્ર માંહેથી ઝાંકીને માણસ જોઈ શકે છે, અને તે જ ખરો દ્રષ્ટા છે. તેમ આંખને 'દૃષ્ટિ' આપનાર તો આત્માની ચિત્શક્તિ છે.

વળી, કેવળ ચર્મચક્ષુ બંધ કરી દેવાથી બહારની દુનિયાના પદાર્થો દેખાતા બંધ થઈ જ જાય છે, એમ કહેવું ગલત છે. માણસે જિંદગીભર અસંખ્ય પદાર્થો અંગેના ચિત્રવિચિત્ર અનુભવોનો ઢગલો મનના ભંડકિયામાં ખડક્યો હોય છે — એટલે પોતે આંખો બંધ કરીને બેસે, તોયે એ વિષયી કીટકો ઊભરાઈ ઊભરાઈને નજરપટલ પર સળવળ્યા કરે છે. પોતાના ભવની ભૂતાવળનું આ ચલચિત્ર મનની ભીતર ચાલ્યાં જ કરતું હોય છે. જ્યારે આવાં

દશ્યો સદંતર ભૂંસાઈ જાય છે, ત્યારે નિર્મળ જ્ઞાનચક્ષુ દ્વારા પરમાત્માને પામી શકાય છે.

વસ્તુત: પરમાત્મદર્શન માટે આંખની આવશ્યકતા નથી, કેમ કે આત્મા સ્વયંપ્રકાશ છે. ચક્ષુ તો અંતરાત્માની બારી જેવું છે અને એ ચક્ષુરૂપી બારીમાંથી જોવાવાળો સ્વયં ચૈતન્યસ્વરૂપ આત્મા છે. બહારના પદાર્થોને જોવા માટે ચક્ષુની જરૂર છે, પરંતુ ભીતર વસતા ચિદાત્માને જોવા/પામવા માટે ચક્ષુરૂપી બારીની બિલકુલ જરૂર નથી; આથી જ ઋષિ કહે છેઃ 'न तत्र चक्षुर्गच्छति'...

ચક્ષુની માફક વાણી, મન વગેરેની બાબતમાં પણ સમજી લેવું. દુનિયાના ભૌતિક પદાર્થોને જોવા, વર્ણવવા, સાંભળવા અને સમજવા માટે આપણી ચક્ષુ, વાણી આદિ બહિર્મુખી ઇન્દ્રિયો સાધન બની શકે — અલબત્ત, આત્મ-ચૈતન્યને આધારે જ, — પરંતુ નિર્ગુણ-અમૂર્ત એવા બ્રહ્મને પામવા માટે કામયાબ ન નીવડે.

વળી બ્રહ્મવિદ્યાના મંદિરમાં પ્રવેશ મેળવતાં પહેલાં ઇન્દ્રિયો-મન-બુદ્ધિ ઇત્યાદિ-રૂપી પગરખાં બહાર ઉતારવાં જ પડે. આથી જ કદાચ ઔપનિષદ ઋષિ નમ્રતાપૂર્વક કબૂલ કરે છે કે આવા અગમ્ય પરમાત્મા વિશે કેવી રીતે ઉપદેશ આપવો તે સમજાતું નથી... 'न विजानीमो यथैतदनुशिष्यात्'... પંચેન્દ્રિયથી થયેલ જ્ઞાનને જ વાણીમાં વ્યક્ત કરી શકાયઃ અને બ્રહ્મ અમૂર્ત/ અતીન્દ્રિય હોવાથી, વાણીનો વિષય બનતું નથી.... न तत्र वाग्गच्छति' 'ત્યાં વાણી પહોંચી શકતી નથી.'

ચક્ષુ, વાણી અને મન — આ ત્રણમાંથી એક પણ સાધન આત્મતત્ત્વ સુધી પહોંચી શકતું નથી, તો એના સ્વરૂપ અંગે બીજાને કેવી રીતે સમજાવી શકીએ? એમ જણાવીને જ્ઞાત-અજ્ઞાત વસ્તુઓથી તદ્દન વિભિન્ન એવા આત્મતત્ત્વ (બ્રહ્મ) વિશે પોતાના પુરોગામી ઉપદેશક આચાર્યો પાસેથી પોતે જે સાંભળ્યું છે, તેની વાત ઋષિ કરે છેઃ — જે વાણીથી બોલાતું નથી, પણ વાણી જેના વડે બોલવાની શક્તિ મેળવે છે; જેનું ચિંતન મન દ્વારા કરાતું નથી, પણ મન જેને કારણે ચિંતન-મનન કરી શકે છે; ચક્ષુ વડે જે જોતું નથી, પણ જેના વડે ચક્ષુ જોઈ શકે છે; સાંભળવા માટે જેને શ્રોત્રની જરૂર પડતી નથી, પરંતુ શ્રોત્ર જેને કારણે સાંભળે છે; જેનું અસ્તિત્વ પ્રાણને આભારી નથી, પણ જેને આધારે પ્રાણ પોતે 'પ્રાણન' કરે છે (જીવિત રહે છે, ગતિશીલ

રહે છે) તેને તું બ્રહ્મ સમજ, — બાકી વાણી, આંખ, શ્રોત્ર અને પ્રાણ દ્વારા જેની ઉપાસના થતી જોઈએ છીએ, તે બ્રહ્મ નથી.

આ ઉપરથી આપણે સમજી શકીએ કે આત્મા વિશે સામાન્ય રીતે આપણને જે જ્ઞાન (!) હોય છે, તેને સંપૂર્ણ સત્ય માની લેવાની ભૂલ કરવાને બદલે, જો આપણે નિજ ભ્રાન્તિની સભાનતા કેળવીએ તો જ સાચાં આત્મજ્ઞાનને માર્ગે પદાર્પણ કરી શકીએ

❐

## ખંડ-૩

*यदि मन्यसे सुवेदेति दभ्रमेवापि नूनम्*
*त्वं वेत्थ ब्रह्मणो रूपम् ।*
*यदस्य देवेष्वथ नु मीमांस्यमेव*
*ते मन्ये विदितम् ॥*

*'તું બ્રહ્મને સારી પેઠે જાણે છે (સુવેદ), એમ જો માનતો હોય તો ખરેખર તારું જ્ઞાન અલ્પ જ છે. જો તું બ્રહ્મને આ દેવોરૂપે જાણવાનો દાવો કરતો હોય (અર્થાત્ દેવો અંગે જાણકારી મેળવીને તેને જ બ્રહ્મજ્ઞાન સમજતો હોય), તો તારું જ્ઞાન (તારું કહેવાતું બ્રહ્મજ્ઞાન) યથાર્થ છે કે નહીં, એ વિશે સૂક્ષ્મ વિશ્લેષણ કરવાની જરૂર છે. (मीमांस्यं एव) (૧)*

આગલા મંત્રો દ્વારા ગુરુએ શિષ્યને સમજાવ્યું કે આત્મા તો 'ચક્ષુનું યે ચક્ષુ', ઈ. છે,— અર્થાત્ આપણી બધી ઇન્દ્રિયોને કાર્યશીલ કરવા પાછળ કોઈ ચૈતન્ય-તત્ત્વ રહેલું છે.... આ વિધાનનો મુદ્દો પકડીને, જો શિષ્ય એમ વિચારે કે પોતે આત્મજ્ઞાની બની ચૂક્યો છે અથવા તેને બ્રહ્મજ્ઞાન લાધ્યું છે, તો તેની સામે ગુરુ લાલ બત્તી ધરે છે.

આત્મજ્ઞાન એક અત્યંત ઉત્કૃષ્ટ પ્રકારની અનુભૂતિ છે, જેમાં 'હું-પણા'નો સંપૂર્ણતયા લોપ થવો ઘટે છે. આથી જ્યારે ઉપાસક એવો દાવો કરે કે પોતે 'બ્રહ્મજ્ઞાની' બન્યો છે, ત્યારે જ્ઞાન કે પરમાનુભૂતિ પર ભાર મૂકવાને બદલે 'હું' પર જ વધારે પડતો ભાર મૂકેલો ગણવો, કેમ કે 'હું-પણું', હુંપદ કે ગર્વ તો બ્રહ્મજ્ઞાનના અટપટા જંગલમાં સૌથી સૂક્ષ્મ છતાં તીક્ષ્ણતમ એવો ભયંકર કાંટો છે.

જ્યારે અભિમાન અને હુંપદથી પૂરેપૂરો છુટકારો થયો હોય, ત્યારે જ સાધક આત્મજ્ઞાનને લાયક બન્યો કહેવાય.

વળી, આપણે જોઈએ છીએ કે જે અજ્ઞ હોય છે, તે જ બહુધા જ્ઞાનની

મોટી મોટી વાત કરતો હોય છે. પોતાની જાતને 'જ્ઞાની' સમજનાર સ્વયં મોટાં અજ્ઞાનનો શિકાર થયેલો હોય છે. જેમ જેમ માણસનો વિકાસ થતો જાય છે, તેની જાણકારી-સમજદારી અને વિવેકબુદ્ધિમાં વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેને પોતાના અજ્ઞાનનું ભાન સવિશેષ થતું જાય છે. વસ્તુતઃ જેનું જ્ઞાન વધતું જાય છે, તે વધારે ને વધારે નમ્રતા કેળવતો જાય છે અને અંતે એવી ક્ષણ આવી પહોંચે છે જ્યારે તે કહે છે કે પોતે તો જ્ઞાનરૂપી અગાધ સમુદ્રને કિનારે માત્ર છીપલાં વીણનારો છે!

ગુજરાતીમાં કહેવત છે ને કે 'અધૂરો ઘડો જ છલકાય? —એ મુજબ, અધકચરું જ્ઞાન ધરાવનાર જ 'હું જ્ઞાની છું' એમ કહે છે; બાકી ભર્તૃહરિ કહે છે તેમઃ

> *सम्पूर्णकुम्भो न करोति शब्दम् ।*
> *अर्धो घटः शब्दमुपैति नूनम् ॥*

અર્થ સ્પષ્ટ છે.

કોઈ જ્ઞાની પોતાના અનુભવની વાત બીજા લોકોને જણાવતાં કહે છે કે જ્યારે પોતે અલ્પમતિ હતો, અર્થાત્ પોતાનું જ્ઞાન જ્યારે નહીંવત્ હતું, ત્યારે કર્તવ્ય-અકર્તવ્ય વિશે વિવેકશૂન્ય બનીને પોતે મદોન્મત્ત હાથીની માફક ગર્વથી આંધળો બનીને ફરતો હતો અને 'હું સર્વજ્ઞ છું' એવા અભિમાનથી પોતાનું મન લીંપાઈ ગયું હતું; પણ જ્યારે વિદ્વાનો પાસેથી 'किंचित् किंचित्' એટલે જરા-તરા સ્વલ્પ એવું પણ શીખવા મળ્યું ત્યારે જ પોતાને ભાન થયું કે પોતે તો મૂઢ છે... અને તેનો મદ જ્વરની માફક જતો રહ્યો... ભર્તૃહરિએ* આ વાત 'અલ્પવિદ્યો મહાગર્વી'ના સમર્થનમાં કરી છે — જે કેનોપનિષદના ઉપરોક્ત મંત્રના પ્રતિઘોષ જેવી જ છે.

આ ઉપરાંત, બ્રહ્મ કે પરમાત્મા અજ્ઞાત છે એટલું જ નહીં, બલકે અજ્ઞેય સુધ્ધાં છે, એવું કેટલાક વિચારકો જણાવે છે. જો એમ હોય તો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા અંગેનો ઉપદેશ શા કામનો? અને તેને માટે પ્રયત્ન કરવાની પણ શી જરૂર? — એવા પ્રશ્નો સ્વાભાવિક રીતે આપણા મનમાં આવે! —

---

* *यदा किंचिज्ज्ञोऽहं गज इव मदान्धः समभवं*
*तदा सर्वज्ञोऽस्मीति अभवदवलिप्तं मम मनः ।*
*यदा किंचित्किंचिद्बुधजनसकाशादवगतं, तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥*

આ વિરોધાભાસ શમાવવા માટે વિદ્વાનો સમજાવે છે કે બ્રહ્મને આપણે સંપૂર્ણતયા જાણી ન શકીએ, એટલા માટે તેને 'અજ્ઞેય' કહ્યું છે: મનુષ્ય બ્રહ્મનો અંશમાત્ર છે — તેથી સમગ્ર, સંપૂર્ણ બ્રહ્મને તે કેવી રીતે પામી શકે? ઓશો કહે છે: '...Brahma is unknowable, because the whole remains unknowable to the part.'

આ કારણને લીધે, સૉક્રેટિસ અને બુદ્ધ જેવા મહાજ્ઞાનીઓ સુધ્ધાં કહેતા કે પરમાત્મ-જ્ઞાન લાધ્યા છતાં તે તેમને માટે એક રહસ્ય જ રહેતું, કારણ કે પરમાત્માને સંપૂર્ણતયા પામવાની શક્તિ કોનામાં હોઈ શકે?

બીજી રીતે જોઈએ તો, અનંત અને સર્વવ્યાપી બ્રહ્મની માંહે જ આપણે સૌ સમાવિષ્ટ છીએ: સત્, ચિત્ અને આનંદ જેનું સ્વરૂપ છે — ગુણો નહીં (કારણ કે બ્રહ્મ નિર્ગુણ છે) — એવા બ્રહ્મની મહાન સત્તામાં જ સર્વ સૃષ્ટ ભૂતપ્રાણીઓનું અસ્તિત્વ સમાયેલું છે, તો એવા અપાર, મહાન સાગરના એક મામૂલી બિંદુ તરીકે આપણે તેને શી રીતે જોઈ-જાણી-પામી શકીએ? જેમ સમુદ્રમાં રહેલી માછલી સમુદ્રનો તાગ મેળવી નથી શકતી, તેમ સર્વવ્યાપી સચ્ચિદાનંદ બ્રહ્મનું જ્ઞાન મેળવવું મનુષ્ય માટે લગભગ અશક્યવત્ છે.

વ્યવહારમાં આપણે જે વસ્તુ ઇન્દ્રિયગ્રાહ્ય હોય તેને 'જ્ઞાત' અને જે ઇન્દ્રિયોથી અગ્રાહ્ય હોય તેને 'અજ્ઞાત' સમજીએ છીએ. આત્મા કે બ્રહ્મને આપણે આ બેમાંથી એકે વિભાગમાં ન મૂકી શકીએ. આત્માને ભલે આપણે ઇન્દ્રિયો મારફત જોઈ-સાંભળી-સમજી નથી શકતા, છતાં યે 'આત્મા છે' એવી પ્રતીતિ આપણને પ્રતિક્ષણ થતી રહે છે. 'હું' પદથી જેનો ઉલ્લેખ કરીએ છીએ, તે 'સ્વ' છે, 'પોતે' છે, 'આત્મા' છે. 'હું છું' એ બાબતમાં કોઈને શંકાને સ્થાન નથી. 'હું સુખી છું.' 'મને ખૂબ સરસ નિદ્રા આવી', વગેરે અનુભવ પાછળ પણ કર્તા-સ્થાને રહેલ 'આત્મા' જ છે — અને આપણને એ આત્માનું અસ્તિત્વ કે સત્તા જ્ઞાત છે, એમ કહી શકીએ.

— પરંતુ આ થયું 'આત્મા'ની સત્તા અંગેનું સામાન્ય જ્ઞાન. આત્મા જેવો છે તેવો આપણે જાણતા નથી. આત્મા કે બ્રહ્મ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ જેવા વિષયોથી પર હોવાને કારણે, કોઈ પણ ઇન્દ્રિય તેનું ગ્રહણ કરી શકતી નથી. આથી તેને 'અજ્ઞાત' કહ્યો છે. આમ છતાં, 'હું' તરીકે તેનું સતત ભાન થતું હોવાથી 'આત્મા' આપણને જ્ઞાત છે, એમ કહી શકાય.

વળી, સામાન્ય જ્ઞાન આપનાર પાંચેય ઇન્દ્રિયોનો પણ તે પ્રકાશક છે,

તે આપણે આગળ ઉપર જોયું. આમ, બધી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ, ઇત્યાદિના પ્રેરક-પ્રકાશક તરીકે આત્માની હયાતી અચૂકપણે વરતાય છે:— દા.ત., આત્મા-વિહોણા મૃત શરીરમાં કશી ગતિ કે ક્રિયા સંભવતી નથી.

કેનોપનિષદ જણાવે છે કે જે સામાન્યતયા જ્ઞાત છે અને વિશેષતયા અજ્ઞાત છે, એવા આત્મા વિશે જો કોઈ દાવો કરે કે, 'હું તેને સારી પેઠે જાણું છું.' '(सुवेद इति)', તો તેનું આ યથાકથિત જ્ઞાન ચિંતનીય છે! અર્થાત્ તેનું આ બ્રહ્મજ્ઞાન યથાર્થ છે કે નહીં તે સૂક્ષ્મ વિચારણા માગી લે છે. (मीमांस्यम् एव)!

કદાચ આવો દાવો કરનાર સાધક શંકર, ગણપતિ, વિષ્ણુ, અંબામાતા વગેરે રૂપધારી દેવ-દેવીઓને જ પરમઆત્મા/બ્રહ્મ સ્વરૂપે માની લેતો હશે... જે સમગ્ર સૃષ્ટિના સંદર્ભમાં પારમાર્થિક નથી, બલકે કલ્પિત રૂપો છે.

આમ છતાં, આત્મા અજ્ઞેય છે એમ સમજવા છતાં, આત્મજ્ઞાન વિશેની ચર્ચા-વિચારણા કે વિચાર-વિમર્શ નિરર્થક છે, એમ માની લેવાની જરૂર નથી. ઇન્દ્રિયાદિ દ્વારા થતું જ્ઞાન સામાન્યતઃ ત્રણ વસ્તુઓની અપેક્ષા રાખે છે : જ્ઞાતૃ, જ્ઞેય અને જ્ઞાન — કર્તા, કર્મ અને ક્રિયા; પરંતુ અતીન્દ્રિય આત્મા/બ્રહ્મના જ્ઞાનમાં આવી પ્રક્રિયા સંભવતી નથી અને આવા ત્રિવિધ ભેદ લાગુ પડતા નથી. મન-બુદ્ધિ-ઇન્દ્રિયોથી પર એવા બ્રહ્મને તેના વિષય તરીકે વર્ણવી શકાય તેમ નથી. માત્ર તેના સચ્ચિદાનંદ સ્વરૂપ સાથે ઐક્યની અનુભૂતિ કરનાર બ્રહ્મસાક્ષાત્કાર પામે છે: 'ब्रह्मैव सन्ब्रह्माप्योति ।'

❖❖❖

*नाहं मन्ये सुवेदेति, नो न वेदेति वेद च ।*
*यो नस्तद्वेद तद्वेद, नो न वेदेति वेद च ॥ २ ॥*

*બ્રહ્મને હું સારી પેઠે જાણું છું એવું હું નથી માનતો, કે નથી જાણતો એવું પણ હું નથી માનતો. આપણામાંથી જે એમ સમજે છે કે એણે બ્રહ્મ જાણી લીધું તે નથી જાણતો, અને જે એમ સમજે છે કે હું બ્રહ્મ નથી જાણતો, તેણે જાણ્યું છે. અથવા જે સમજે છે કે તે જ્ઞાત અને અજ્ઞાત બેઉ છે — તે (સાચું) સમજનાર છે. (૨)*

*यस्यामतं मतं तस्य, मतं यस्य न वेद सः ।*
*अविज्ञानं विजानतां, विज्ञातमविजानताम् ॥ ३ ॥*

*જે બ્રહ્મને અજ્ઞેય સમજે છે તે જ તેને જાણે છે; જે તેને જ્ઞેય (જાણી શકાય તેવું) સમજે છે તે નથી જાણતો. જ્ઞાની હોવાનો દાવો કરનારાઓ માટે તે અજ્ઞેય છે ને અજ્ઞાની હોવાનું જેઓ સ્વીકારે છે તેમને માટે તે વિજ્ઞાત છે. (૩)*

આગલા મંત્રમાં ગુરુએ શિષ્યને સમજાવ્યું હતું કે બ્રહ્મ કાંઈ જ્ઞાનની ક્રિયાનો વિષય (જ્ઞેય, કર્મ) નથી, કે નથી તેને સ્વયં જ્ઞાતાથી ભિન્ન સમજવાનું, કેમ કે બ્રહ્મજ્ઞાન કે આત્મસાક્ષાત્કારની બાબતમાં આવા બધા જ્ઞાતૃ, જ્ઞેય અને જ્ઞાનના ભેદોને કોઈ સ્થાન નથી. — આ બોધ અંગે વિચાર કરીને અહીં શિષ્ય સ્વીકારે છે કે પોતે તેને સારી પેઠે જાણે છે, એવું કહેવા માંગતો નથી — (नाहं मन्ये सुवेदेत्ति). અને તે છતાંયે, પોતે જાણતો નથી એવું પણ નથી — (नो न वेदेत्ति वेद च).

પોતાની જાતને જાણવી, પોતાના આત્મા વિશે જ્ઞાન મેળવવું — એ અત્યંત અઘરી વાત છે. જગતના ભૌતિક પદાર્થોને સમજવા અને આત્મજ્ઞાન મેળવવું, એ બેમાં આસમાન-જમીનનો ફરક છે. પોતાની ભીતર રહેલ સત્-ચિત્-આનંદ સ્વરૂપ આત્માને સમજવો અને શબ્દમાં સમજાવવો — એ અતિશય કપરું કામ છે, લગભગ અશક્ય જેવું છે. યોગસાધના દ્વારા સાધક જ્યારે સંકલ્પવિકલ્પાત્મક મનને નિશ્ચલ અને શાંત કરી લે છે, ત્યારે ચૈતન્યસ્વરૂપ આત્માની પરમઅનુભૂતિ શક્ય બને છે... અને આવી અનુભૂતિનું શબ્દમાં વર્ણન કરવા બેસીએ તો પરસ્પરવિરોધી લાગે તેવાં વિધાનો કરવાં પડે છે.

બ્રહ્મજ્ઞાન કે આત્મજ્ઞાન થઈ ગયું, એમ કહેનાર જાણે કે તેને (જ્ઞાનને) ભૂતકાળનો વિષય બનાવી દે છે — જ્યારે વસ્તુતઃ જ્ઞાન મેળવવાની પ્રક્રિયા તો સનાતન, સતત વહેતા રહેતા પ્રવાહ જેવી છે. એટલે 'એ પતી ગયું', 'મેળવી લીધું' એમ થોડું કહેવાય? કદાચ 'વિજ્ઞાન' (Science) એવા જ્ઞાનની વાત કરી શકે, 'ધર્મ' કે 'તત્ત્વજ્ઞાન' નહીં, કારણ કે બ્રહ્મને 'જાણી લીધું' કહી ભૂતનો વિષય બનાવાય નહીં — એને જાણવાની અને પામવાની પ્રક્રિયા એ તો જીવંત અનુભૂતિ છે, ભૂતકાળની સ્મૃતિ નહીં.

જેમ 'મેં શ્વાસ લઈ લીધો' કે 'મેં જીવી લીધું' એમ આપણે નથી કહી શકતા, કારણ કે કહેતી વખતે પણ શ્વાસ લેતા હોઈએ છીએ, જીવતા હોઈએ છીએ, તે જ પ્રમાણે બ્રહ્માનુભૂતિ એક સતત ચાલતી પ્રક્રિયા જેવી છે. માટે

જ કેનોપનિષદ કહે છે કે જે માણસ 'મેં બ્રહ્મજ્ઞાન મેળવ્યું છે બ્રહ્મને જાણ્યું છે એમ કહે છે તે અજ્ઞ જ છે...'यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः।'

'મેં જાણી લીધું' કહેનારે કદાચ બૌદ્ધિક રીતે બ્રહ્મનો વિચાર-વિમર્શ કર્યો, એમ બને; છતાં તે જ્ઞાન અનુભૂતિની કોટિમાં પરિવર્તિત નથી થયું, તેથી શુષ્ક શાબ્દિક જ્ઞાનમાત્ર બની રહે છે, જેને મૃત જેવું કહેવાય, કારણ કે તેમાં જીવંત-ધબકતી-અનુભવ નથી. શાસ્ત્રોના અધ્યયન દ્વારા બ્રહ્મ વિશે કેવળ માહિતીમાત્ર મેળવનાર વિદ્વાનને બ્રહ્માનુભૂતિ નથી થતી, તેથી તેને 'અજ્ઞ' કહ્યો છે.

આ પરમાનુભૂતિ અંગે ઓશો કહે છે: 'There is no last chapter, there is no last page... the Scripture is endless...or God is never old...'

ટૂંકમાં, બ્રહ્મની અનંત સત્તા એવી ને એવી, સદા તાજગીસભર, જીવંત અને ધબકતી રહે છે. 'મેં જાણી લીધું' કહેનાર સાચા અર્થમાં જાણતો તો નથી જ — અપિ તુ તેની જાણવાની ક્રિયા જ અટકી જાય છે, સમાપ્ત થઈ જાય છે... જ્યારે વાસ્તવમાં, અનાદ્યનંત બ્રહ્મને પામવાની શુભ યાત્રા તો સનાતન છે, સદાકાળ ચાલતી જ રહે છે.

❖❖❖

*प्रतिबोधविदितं मतम्*
*अमृतत्वं हि विन्दते ।*
*आत्मना विन्दते वीर्यम्*
*विद्यया विन्दतेऽमृतम् ॥ ४ ॥*

આગળ ઉપર આપણે જોયું કે કેનોપનિષદ પ્રતિપાદિત કરે છે કે આત્મજ્ઞાન અન્ય ભૌતિક પદાર્થોના જ્ઞાનની માફક નથી ઉપલબ્ધ થતું.... તો, આપણને સહજતયા પ્રશ્ન થાય કે આત્મજ્ઞાન થાય શી રીતે?

આ પ્રશ્નનો ઉત્તર આપણને ઉપરોક્ત મંત્રમાં મળે છે: 'જ્યારે કોઈ પણ પદાર્થનો બોધ થાય ત્યારે આત્માનું જ સ્ફુરણ થતું હોય છે, એવું સમજનારને જરૂર (આત્મજ્ઞાન-પ્રાપ્ય) અમરત્વ મળે છે. આત્માથી વીર્ય (આંતરિક તેમજ બાહ્ય શક્તિ) મેળવાય છે અને વિદ્યાથી અમરતા પ્રાપ્ત થાય છે.'(૪)

જગતના કોઈ પણ પદાર્થને જોવા-સાંભળવા-સૂંઘવા-સ્પર્શવા ચાખવા કે સમજવા માટે જે-તે ઇન્દ્રિયો/મન કાર્યરત થતાં હોય છે, તેની પાછળ ચિદાત્માની પ્રેરક, પ્રકાશક શક્તિ કારણભૂત હોય છે, એ મુદ્દો આપણે આગળ ઉપર વિચાર્યો હતો. હવે ઋષિ સમજાવે છે કે ઇન્દ્રિયજન્ય કોઈ પણ પ્રકારના જ્ઞાનની પાછળ પણ આત્મજ્ઞાન રહેલું છે. વ્યક્તિ, વિષય અને દેશ-કાળના ભેદ અનુસાર જ્ઞાનમાં જે ભેદ વરતાય છે, તે આગન્તુક કે ઔપાધિક ભેદ છે, પરંતુ મૂળ જ્ઞાનની મૌલિક નિત્યતા તેનાથી બાધિત થતી નથી. દા.ત., 'હું ગામ ગયો હતો.', 'હું ત્યાં જઈશ', 'તું કાશી ગયો હતો', 'તે ત્યાં જશે' વગેરે વાક્યોમાં જવાની ક્રિયા કરનાર કર્તા, કર્મ કે સ્થળ તેમજ સમય ભિન્ન ભિન્ન હોવા છતાં, જેમ જવાની ક્રિયામાં ફેર નથી, તેમજ ઇન્દ્રિયજન્ય કોઈ પણ બોધની પાછળ, તે સર્વે અનુભવોની પાછળ આત્મતત્ત્વ રહેલું છે...

આ મુદ્દાને વધુ સ્પષ્ટ કરતા સ્વામી ચિન્મયાનંદજી કહે છે કે મનુષ્યને એક પછી એક જે-તે વિચાર દ્વારા બોધ થતો રહે છે (પ્રતિબોધ), તે અનંત ચૈતન્ય સ્વરૂપ આત્માનું જ પ્રતિપાદન ગણાય, કારણ કે બધા વિચારોનો જ્ઞાતા તો સૌની ભીતર રહેલ સાક્ષીભૂત આત્મા જ છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થામાં પણ જે 'હું જાણું છું', 'મને અદ્ભુત સપનું આવ્યું હતું', 'મને ગાઢ નિદ્રા આવી' વગેરે જે અનુભવની આપણે વાત કરીએ છીએ, તે સર્વે અનુભવનાર તો 'હું' નામક ભીતર વસતો આત્મા જ છે... અને તે જ આવા અનુભવોનું સાતત્ય જાળવનાર 'સાક્ષી' છે.

'પ્રતિબોધવિદિત'નો અર્થ સમજાવતા તેઓ કહે છે કે મનની અંદર થતો ખળભળાટ એટલે વિચાર. મનરૂપી સરોવરમાં ઊઠતા તરંગો એટલે જ વૃત્તિ. મનમાં વિચાર ઉદ્ભવે, કૂદાકૂદ કરે અને શમી જાય — આ બધી ક્રિયાનો પ્રેરક/પ્રકાશક જો કોઈ હોય તો તે સાક્ષીભૂત આત્મા જ છે. પ્રત્યેક વૈચારિક ખળભળાટ/ક્ષોભની પાછળ આ આત્મ-તત્ત્વ જ રહેલું છે, એવું સમજનાર અમરત્વ પામે છે. જે ખળભળાટ કે ફેરફાર વિચાર-ધારાને કારણે સર્જાય છે, તે બધાનો સર્જક અને પ્રકાશક આત્મા તો કેવળ સાક્ષી તરીકે આ બધા માનસિક તરંગોને નિહાળે છે.

આવા સાક્ષીસ્વરૂપ આત્મા સાથે તાદાત્મ્ય સાધનાર મનુષ્ય અહંભાવની અજગર-ચૂડમાંથી મુક્ત થાય છે. અને સુખદુઃખ, જય-પરાજય, રાગ-દ્વેષ, આદિ દ્વંદ્વોના અપાર સંસાર-સાગરને તરી જાય છે. આ આત્માનુભૂતિમાં જ, જ્ઞાત-અજ્ઞાતની મર્યાદાથી પર એવું આત્મ-સ્વરૂપનું રહસ્ય સમજાઈ જાય છે... અને અમરત્વ પ્રાપ્ત થાય છે.

'आत्मना विन्दते वीर्यम्' એટલે આત્માથી વીર્ય મળે છે: શરીરની શક્તિને આપણે 'બળ' કહીએ છીએ, જ્યારે ધીરજ, ઔદાર્ય વગેરે ગુણોથી કેળવાયેલી આંતરિક શક્તિને 'વીર્ય' કહીએ છીએ. જે મનુષ્ય આત્માને સચ્ચિદાનંદ સ્વરૂપે પામે છે, તે વીરતા મેળવે છે. સામાન્યતઃ આપણને સૌથી વધારે ડર મૃત્યુનો હોય છે, પરંતુ જે મનુષ્ય આત્માનું નિત્ય અને અજરામર સ્વરૂપ સમજે છે અને તેને જડ, ક્ષણભંગુર શરીરથી તદ્દન ભિન્ન જાણે છે, તેને મૃત્યુનો ભય સતાવતો નથી. આત્માના અમરપણામાં દૃઢ વિશ્વાસ રાખનાર મનુષ્યની ભીતિ નષ્ટ થાય છે અને તે 'આત્મા વડે' અર્થાત્ આત્મજ્ઞાનથી વીર્યપ્રાપ્તિ કરે છે.

જ્યારે જડ શરીર, ઇન્દ્રિયો તેમજ મનની શક્તિ આત્મા પર નિર્ભર છે એવું જ્ઞાન થાય છે, ત્યારે તે અંગેનાં (શરીરાદિ વિષયી) મોહ, આસક્તિ અને ગર્વ છૂટી જાય છે... અને સર્વવ્યાપી ચૈતન્યસ્વરૂપ આત્માની એકતાનું જ્ઞાન થાય છે. જે આત્મા મારામાં વસે છે, તે જ તમારામાં અને તે જ અન્ય સૌમાં વાસ કરે છે, એવું આત્મૈક્યનું જ્ઞાન તે જ 'આત્મજ્ઞાન'... આવા જ્ઞાન (વિદ્યા) દ્વારા અમરત્વ પ્રાપ્ત થાય છે. શંકરાચાર્ય કહે છે: 'ज्ञानादेव तु कैवल्यम् ।' જ્ઞાનમાત્રથી જ કૈવલ્ય મળે — આ કૈવલ્ય તે જ મોક્ષ, તે જ અમરતા.

❖❖❖

*इह चेदवेदीदथ सत्यमस्ति,*
*न चेदिहावेदीन्महती विनष्टिः ।*
*भूतेषु भूतेषु विचित्य धीराः*
*प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥ ५ ॥*

'જો આ (બ્રહ્મ/આત્મા)ને અહીં જ (આ દેહમાં/આ દુનિયામાં) જ જાણી લીધો તો ન્યાલ થઈ ગયા, ને અહીં ન જાણ્યો તો ભારે પાયમાલી સમજવી. બુદ્ધિશાળી લોકો (ધીરા) — પ્રત્યેક ભૂતપ્રાણીમાં બ્રહ્મને (રહેલ) સમજીને, દેહ છોડ્યા બાદ (પ્રેત્ય), (અથવા આ દેહેન્દ્રિયોની દુનિયાથી ઉપર ઊઠીને) — અમર થઈ જાય છે.'

'इह चेदवेदीत्' — અહીં જ, અર્થાત્ આ જ શરીરમાં અને આ જ ક્ષણે આત્મજ્ઞાન મેળવવાની તાલાવેલી લાગવી જોઈએ, તો જ સાધકનું જીવતર સાર્થક થયું કહેવાય.

શાસ્ત્રોમાં મનુષ્યયોનિને જ કર્મયોનિ ગણવામાં આવી છે. તે સિવાયની બીજી સર્વે યોનિને ભોગયોનિ કહી છે. ચેતનાની અભિવ્યક્તિ મનુષ્યમાં પૂર્ણતયા થયેલી જોવા મળે છે, જ્યારે પથ્થર વગેરેમાં તે તદ્દન અજાગ્રત હોય છે, વૃક્ષાદિમાં કિંચિત્-જાગ્રત, અને માનવેતર પ્રાણીઓમાં ઉદ્દ્બુદ્ધ છતાં કેવળ શરીરાદિ ટકાવી રાખવા પૂરતી જ કાર્યરત હોય છે.

આદિ શંકરાચાર્યે માનવજન્મની દુર્લભતા અંગેની સમજણ તેમના અદ્દ્ભુત ગ્રંથ 'વિવેકચૂડામણિ'માં સવિસ્તર આપી છે. અસંખ્ય નાનીમોટી યોનિઓમાં જન્મ લીધા બાદ જીવાત્માને મનુષ્ય અવતાર મળે છે. અનંતકોટિ યોનિઓના સંદર્ભમાં નરજન્મ અત્યંત દુર્લભ ગણાય છે. 'जन्तूनां नरजन्म दुर्लभम् !' વળી, આવો દુષ્પ્રાપ્ય જન્મ મેળવ્યા બાદ મનુષ્ય જો આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન ન કરે, તો તેનું જીવતર એળે ગયું લેખાય. ઉત્ક્રાંતિને શિખરે બિરાજમાન મનુષ્ય પોતાની વિશિષ્ટ ચેતનાને કારણે સમજી શકે છે કે જડ, ક્ષણભંગુર દેહ/ ઇન્દ્રિયો વગેરેથી આત્મા તદ્દન વિભિન્ન છે અને તે સૌનો પ્રકાશક અને પ્રેરક છે. — પરંતુ આટલું બુદ્ધિ દ્વારા જાણી લેવાથી જ આત્મપ્રાપ્તિ થતી નથી, જ્યાં સુધી જડ દેહાદિ અંગે જિંદગીભર સેવેલો આત્મદર્શનનો ભ્રમ ટળતો નથી, અહંજન્ય મોહ અને આસક્તિનાં બંધનો છૂટતાં નથી, ત્યાં સુધી આત્માનુભૂતિ શક્ય નથી.

ઉપરોક્ત મંત્રમાં ઋષિ કહે કે જે મનુષ્યે આ ભિન્ન ભિન્ન નામરૂપ ધરાવતા પદાર્થો/ભૂતપ્રાણીઓની પાછળ રહેલ એકમાત્ર આતમ-તત્ત્વને પિછાણ્યું છે, તેને જ આત્મજ્ઞાન લાધે છે... અને તે અમર બની જાય છે... અને આ આત્મજ્ઞાન અહીં જ, આ દેહમાં, આ મનુષ્ય-જન્મમાં જ મેળવવાનું છે; અને એમ ન થાય, તો તો ભારે હાનિ થઈ સમજવી... કેમકે અત્યંત દુર્લભ એવો માનવ અવતાર મેળવ્યા છતાં પણ ઇન્દ્રિયજન્ય ક્ષણિક સુખની પાછળ ભટકી ભટકીને જીવતર વેડફી નાખીએ, તો આત્મવિદ્યા પામવાની અનેરી તક ગુમાવી દીધી, એ વાત નિશ્ચિત છે.

પ્રત્યેક ભૂતપ્રાણીમાં આત્મા વસેલો છે, જે તેને ચૈતન્ય બક્ષીને કાર્યરત કરે છે, એવી દૃષ્ટિ ધીર પુરુષોની હોય છે. 'धीः' એટલે બુદ્ધિ, પ્રજ્ઞા..... આત્મા-અનાત્મા વચ્ચેનો ભેદ સમજનારી, વિવેકશાળી બુદ્ધિ ધરાવનાર તે 'धीराः' —'अहं' અને 'मम'ની ભાવનાને કારણે ઊભી થતી ભેદદૃષ્ટિ છોડતાં આત્મૈક્યની અનુભૂતિ સર્જાય છે, અને આવો ધીર મનુષ્ય, દેહ છોડ્યા બાદ (प्रेत्य), અમર થઈ જાય છે.

વેદાન્તશાસ્ત્રની એક શાખાના વિચારકોનું માનવું છે કે આત્મા-અનાત્માનો ભેદ પારખીને જે સાધક જડ જગતના બાહ્ય વિષયો અંગેનો વ્યામોહ ત્યજી શકે છે, તે પોતાની અંતર્લક્ષી પ્રજ્ઞા વડે ભીતર રહેલ આત્મતત્ત્વને પામી શકે છે: આવો સંનિષ્ઠ સાધક રાગદ્વેષાદિ દ્વંદ્વોથી પર થઈ ગયો હોય છે, તેથી તેને શરીરના નાશનો (અર્થાત્ મૃત્યુનો) ભય સતાવતો નથી, કે નથી આસક્તિને કારણે સ્વકીય માની લીધેલાને ગુમાવવાની ભીતિ તેને વિચલિત કરતી. શરીર અને આત્મા અંગે સેવેલાં ખોટાં સમીકરણથી ઉપર ઊઠીને, તે જીવતે-જીવત અમર બની જાય છે. આને વેદાન્તની પરિભાષામાં 'જીવન્મુક્તિ' કહે છે. સાધકો પોતે આવી સિદ્ધ દશામાં સુધ્ધાં અન્ય મનુષ્યો જેવી જ સામાન્ય પ્રવૃત્તિ કરતા દેખાય છે, પરંતુ જે-તે પ્રવૃત્તિ પાછળનો તેમનો અભિગમ તદ્દન બદલાઈ ગયો છે — અર્થાત્ તેઓ જે કાંઈ કરે તેને કર્તવ્ય સમજીને કરે છે, અને તે કરવા પાછળ કશો (સ્વ-અર્થ) સ્વાર્થ સાધવાની આશા-અપેક્ષા રાખતા નથી, અપિ તુ પોતાનું સમગ્ર જીવન, પરોપકાર અર્થે સમર્પિત કરીને, વ્યતીત કરતા હોય છે.

આવો વીતરાગી, સ્થિતપ્રજ્ઞ મનુષ્ય જીવન દરમિયાન જ મુક્ત બની ગયો કહેવાય — તેથી તેને 'जीवनमुक्ति' કહે છે.

આથી જુદો મત એવો છે કે સાધક સત્કર્મો કરતાં કરતાં જ્યારે દેહત્યાગ કરે છે ત્યારે પરલોકમાં (प्रेत्य), મોક્ષપ્રાપ્તિ કરે છે: આને 'विदेहमुक्ति' કહે છે.

કેનોપનિષદના ઋષિની સાથે સાથે આદિ શંકરાચાર્ય જણાવે છે કે આત્મદર્શનનો અભિલાષી જીવનભર સતત સત્કર્મ કરતો રહે છે અને બ્રહ્મવિદ્યા/આત્મવિદ્યા પામીને 'અહીં જ' (इहैव), — અર્થાત્ જીવનકાળ દરમિયાન જ, અમરત્વ મેળવી શકે છે. તેઓ સમજાવે છે કે ગુણ-દોષને જાણવાવાળો બુદ્ધિમાન મનુષ્ય સમસ્ત ચરાચર જીવોમાં જે એક જ (બ્રહ્મ-સ્વરૂપ) આત્મ-તત્ત્વ વસવાટ કરે છે, તેનો સાક્ષાત્કાર કરે છે: અને અહીંથી ગયા બાદ (प्रेत्य) અર્થાત્ મમતા-અહંતારૂપી અવિદ્યાત્મક સંસારથી ઉપરતિ (વૈરાગ્ય) મેળવ્યા બાદ, 'સર્વમાં એક જ આત્મા વસે છે,' એવી ઐક્યાત્મ-પ્રતીતિ કરીને, અદ્વૈતભાવને પામે છે અને અમર બની જાય છે — અર્થાત્ બ્રહ્મરૂપ બની જાય છે. મુંડકોપનિષદ (III૨.૯)માં કહ્યું છે... 'तत्परं ब्रह्म वेद ब्रह्मैव भवति' — તેમ બ્રહ્મને જાણવાવાળો બ્રહ્મ જ બની જાય છે.

❒

# ખંડ-૪

જિંદગીમાં આપણે જે કાંઈ કરીએ છીએ, જે કોઈ સિદ્ધિ મેળવીએ છીએ, તે અંગે 'મેં કર્યું', 'મેં સિદ્ધિ હાંસલ કરી' વગેરે સ્વાભાવિક રીતે જન્મતી કર્તૃત્વની ભાવના પાછળ આપણું 'અહં' (ego) કારણભૂત હોય છે. દા.ત., આપણે કોઈ સ્પર્ધામાં ભાગ લીધો હોય અને આપણને વિજય મળે, લોકોમાં પ્રશંસા પામીએ ઇત્યાદિ ઘટનાથી આપણો અહંભાવ ફુલાઈને આત્મશ્લાઘામાંયે સરી પડતો હોય છે કે 'મેં જીત મેળવી', 'મારો વિજય થયો' વગેરે.

વસ્તુતઃ 'અહં'ને કારણે વિજય નથી મળતો; વિજય પ્રાપ્ત કરવા માટે જે-તે ઇન્દ્રિય અને મન–બુદ્ધિ વગેરે કાર્યરત થાય છે અને જે કાંઈ પ્રયત્નો મનુષ્ય કરે છે, તે સૌની પાછળ તેની ભીતર રહેલ આત્મા જ મૂળે જવાબદાર છે, — પરંતુ મનુષ્યનું 'અહં' આવા વિજય અંગેનું શ્રેય પોતાના ખાતે વટાવી ખાતું હોય છે. આપણે આગળ ઉપર જોયું કે જડ શરીરનાં ઇન્દ્રિયાદિ સાધનોને કાર્ય કરવાની ક્ષમતા/શક્તિ બક્ષનાર, ક્રિયાન્વિત કરનાર અને તેનો પ્રેરક/પ્રકાશક તો ચૈતન્ય-સ્વરૂપ આત્મા જ છે.

જરા ઊંડાણથી વિચારીએ તો આપણને સમજાય છે કે નાનીમોટી પ્રત્યેક માનવ-પ્રવૃત્તિની પાછળ એક સૂક્ષ્મ ચિત્શક્તિ કામ કરી રહી છે... શાસ્ત્રો તેને આત્મા/બ્રહ્મ કહીને વર્ણવે છે, જે વિશ્વના તમામ વ્યવહાર અને ગતિવિધિ માટે મૂળસ્રોતરૂપ છે.

આ હકીકતથી અજ્ઞ, તેમજ કદાચ જાણવા છતાંયે તે પ્રત્યે આંખમીંચામણાં કરનારા — કેવળ મનુષ્યો જ નથી, તે મુદ્દો કેનોપનિષદના ત્રીજા ખંડમાં આવતી વાર્તા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો છે. દેવ-દેવતાઓને પણ ઘમંડ હોય છે અને એ 'અહં'ને કારણે સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પરમાત્માને તેઓ ઓળખી શકતા નથી.

આપણે ઉપર જોયું કે શરીરને લગતી વિવિધ પ્રવૃત્તિઓ ઇન્દ્રિયો દ્વારા થતી હોય છે પરંતુ ઇન્દ્રિયો સ્વયં અચેતન (જડ) હોવાથી, આત્માને કારણે જ ક્રિયાશીલ બને છે. શરીરની બાબતમાં જે સ્થિતિ ઇન્દ્રિયોની છે, તે જ સ્થિતિ વિશ્વના સંદર્ભમાં દેવોની છે. દેવ-દેવતાઓ સુધ્ધાં સ્વયં શક્તિસંપન્ન નથી, પરંતુ પરમાત્માના વચેટિયા (middle-men) જેવા, આડતિયા જેવા છે અને પરમાત્માની શક્તિને કારણે જ પોતપોતાનું કાર્ય કરવાની ક્ષમતા મેળવે છે.

કેનોપનિષદના પહેલા બે ખંડમાં પરમાત્મા/બ્રહ્મનો મહિમા વર્ણવ્યો છે અને એના સમર્થનમાં અહીં દેવો પોતાના સામર્થ્યની બડાશ મારીને મિથ્યાભિમાની બન્યા અને તેને કારણે કેવી દયનીય દશાનો ભોગ બન્યા, તેની નાનકડી આખ્યાયિકા પેશ થઈ છે.

અવ્યક્ત બ્રહ્મમાંથી વ્યક્ત સૃષ્ટિનું નિર્માણ કેવી રીતે થયું, તેની વાત આપણાં શાસ્ત્રોમાં જોવા મળે છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી — એમ પંચમહાભૂતો ઉત્પન્ન થયાં. આમાંના પ્રત્યેક મહાભૂતનો પોતીકો વિશિષ્ટ ગુણ હોય છે, જેવો કે આકાશનો શબ્દ, વાયુનો સ્પર્શ (+ શબ્દ), અગ્નિનો રૂપ (+ શબ્દ + સ્પર્શ), જળનો રસ (+ શબ્દ + સ્પર્શ + રૂપ) અને પૃથ્વીનો ગંધ ( +શબ્દ +સ્પર્શ +રૂપ + રસ).

શાસ્ત્રો કહે છે કે આપણી પાંચ ઇન્દ્રિયો ઉપરોક્ત પાંચ ગુણોમાંથી જે જે વિષયને પ્રકાશિત કરતી હોય છે, તે અનુસાર, તે તે ગુણધારક મહાભૂત તે ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા કે અધિદેવતા (Presiding deity) કહેવાય છે. ઉદાહરણ તરીકે, આકાશનો વિશિષ્ટ ગુણ 'શબ્દ' છે. શબ્દ આપણે કાન (શ્રોત્ર) દ્વારા સાંભળીએ છીએ, માટે શ્રોત્રનો અધિદેવતા આકાશ કહેવાય. આ પ્રમાણે અન્ય અધિદેવતા વિશે સમજવું.

કેનોપનિષદની આ આખ્યાયિકા આમ તો સરળ અને સ્પષ્ટ છે, પરંતુ ગર્વને કારણે કેવું અધઃપતન થઈ શકે તે અંગેનું સૂચન તેમાં સૂક્ષ્મતયા થયું છે. પોતાને આ 'जातवेदस्' (સમસ્ત વસ્તુઓનો જાણનાર છે એવું) ગણાવનાર અગ્નિદેવ, અને આકાશમાં યથેચ્છ ઘૂમનાર '(मातरिश्वा)' વાયુદેવતા — એ બંને ગર્વિષ્ઠ દેવોનાં અહંનો ચૂરેચૂરો કેવી રીતે થયો, તેનું નિરૂપણ કરતી આખ્યાયિકા મોહક હોવાની સાથે બોધક બની રહે છે.

ટૂંકમાં, શરીરમાં દેવોનું સ્થાન ધરાવતી ઇન્દ્રિયો પોતાની મર્યાદા

સમજ્યા વગર, પોતાના સામર્થ્ય વિશે અહંકાર/ગર્વ સેવે, તો તેનું પરિણામ અત્યંત અનિષ્ટકારી જ હોય — એ સત્યનું સૂચન ઉપરોક્ત કથાનક દ્વારા ઉત્તમ રીતે થયું છે. જડ ઇન્દ્રિયો કશુંયે પોતાની મેળે કરવાની શક્તિ ધરાવતી નથી — એ જે કાંઈ કરે છે તે આત્માની ચિત્શક્તિને આભારી છે. માટે સર્વશક્તિમાન આત્માને યથાવત્ ઓળખીએ, તો જીવન સાર્થક થયું ગણાય. આ આખ્યાયિકામાં આવતા શબ્દોનો અર્થ સમજવાનું કઠિન નથી અને તેનો મર્મ ઉપર સમજાવી દીધો હોવાથી, મૂળ મંત્રાદિને આપણે સત્વર સમજી શકીશું:

*ब्रह्म ह देवेभ्यो विजिग्ये । तस्य ह ब्रह्मणो विजये देवा अमहीयन्त ।*
*त ऐक्षन्तास्माकमेवायं विजयः । अस्माकमेवायं महिमेति ॥ ॥ १ ॥*

*બ્રહ્મે દેવો માટે વિજય મેળવ્યો. (અર્થાત્ બ્રહ્મની શક્તિથી દેવો વિજય પામ્યા). બ્રહ્મના એ વિજયને પોતાનો માની દેવો મોટાઈ લેવા લાગ્યા. (ફુલાઈ ગયા). તેમણે માન્યું કે આ આપણો જ વિજય છે. (અર્થાત્ આપણે પોતાના સામર્થ્યથી જ વિજય મેળવ્યો છે.) આ આપણો જ મહિમા છે. (૧)*

*तद् हैषां विजज्ञौ, तेभ्यो ह प्रादुर्बभूव ।*
*तन्न व्यजानन्त किमिदं यक्षमिति ॥ २ ॥*

*બ્રહ્મે દેવોનું આ (મિથ્યાભિમાન) જાણ્યું, તેથી એ એમની સમક્ષ ( યક્ષ = પૂજનીય, તેજોમૂર્તિ સ્વરૂપે) પ્રગટ થયા. તેઓને (દેવોને) આ યક્ષ શું છે એ સમજાયું નહીં. (૨)*

*तेऽग्निमब्रुवन् जातवेद । एतद् विजानीहि,*
*किमेतद् यक्षमिति । तथेति ॥ ३ ॥*

*તેમણે અગ્નિને કહ્યું: 'જાતવેદ! (અર્થાત્ સમસ્ત વસ્તુઓના જાણનાર)! આ યક્ષ શું છે તે તું જાણી આવ. (અગ્નિએ કહ્યું:) 'ભલે'. (૩)*

*तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति ।*
*अग्निर्वा अहमस्मीत्यब्रवीत्, जातवेदा वा अहमस्मीति ॥ ४ ॥*

*અગ્નિ તે (યક્ષ) ભણી ધસ્યો. તેણે પૂછ્યું, 'તું કોણ છે?' 'હું અગ્નિ છું. હું જાતવેદા છું', એમ (અગ્નિએ) કહ્યું. (૪)*

तस्मिन् त्वयि किं वीर्यमिति
अपीदं सर्वं दहेयं यदिदं पृथिव्यामिति ॥ ५ ॥

(વળી યક્ષે પૂછ્યું:)

'પોતાની જાતને 'સર્વજ્ઞ' જણાવનાર એવા તારામાં શી શક્તિ છે?' 'પૃથ્વીમાં જે કંઈ છે તે સર્વને હું બાળી શકું છું.' (એવું અગ્નિએ જણાવ્યું). (૫)

तस्मै तृणं निदधावेतद् दहेति
तदुपप्रेयाय सर्वजवेन, तन्न शशाक दग्धुम् ।
स तत एव निववृते, नैतदशकं विज्ञातुं
यदेतद् यक्षमिति ॥ ६ ॥

અગ્નિ સામે તણખલું ધરી, (યક્ષે) 'એને બાળી મૂક' એમ કહ્યું. અગ્નિ પૂરા વેગથી તણખલા સામે ધસી ગયો, પણ એને બાળી ન શક્યો. એ તરત ત્યાંથી પાછો ફર્યો અને તેણે (દેવોને) કહ્યું: 'આ યક્ષ શું છે તે હું જાણી શક્યો નથી.' (૬)

अथ वायुमब्रुवन् वायवेतद् विजानीहि ।
किमेतद् यक्षमिति तथेति ॥ ७ ॥

ત્યાર પછી (દેવોએ) વાયુને કહ્યું: 'હે વાયુ! આ યક્ષ શું છે તે તું જાણી લાવ.' વાયુએ કહ્યું: 'ભલે'. (૭)

तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति ।
वायुर्वा अहमस्मीत्यब्रवीन्मातरिश्वा वा अहमस्मीति ॥ ८ ॥

વાયુ ઉતાવળે તેની પાસે દોડ્યો, તેને (યક્ષે) પૂછ્યું: 'તું કોણ છે?' વાયુએ કહ્યું: 'હું વાયુ છું, હું માતરિશ્વા (આકાશમાં યથેચ્છ ઘૂમનારો) છું.' (૮)

तस्मिंस्त्वयि किं वीर्यमिति
अपीदं सर्वमाददीय
यदिदं पृथिव्यामिति ॥ ९ ॥

(માતરિશ્વા) 'એવા તારામાં શી શક્તિ છે?' એવું યક્ષે પૂછતાં વાયુએ કહ્યું: 'પૃથ્વી પર આ બધું જે કાંઈ છે તે સર્વને હું ઉડાડી શકું છું.' (૯)

तस्मै तृणं निदधावेतद् आदत्स्वेति ।
तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाकादातुम्
स तत एव निववृते
नैतदशकं विज्ञातुं यदेतद् यक्षमिति ॥ १० ॥

(યક્ષે) તેની સામે ઘાસનું તણખલું ધરીને કહ્યું: 'આને ઉડાડી મૂક', (વાયુ) પૂરા વેગથી તેની સામે ધસી ગયો (પરંતુ) તેને ઉડાડી ન શક્યો. તે (વાયુ) ત્યાંથી પાછો ફરી ગયો, (અને દેવોને તેણે જણાવ્યું.) 'આ યક્ષ શું વસ્તુ છે એ હું જાણી શક્યો નથી.' (૧૦)

अथेन्द्रमब्रुवन् मघवन्
एतद् विजानीहि ।
किमेतद् यक्षमिति तथेति
तदभ्यद्रवत् तस्मात् तिरोदधे ॥ ११ ॥

પછી (દેવોએ) ઇન્દ્રને કહ્યું: 'હે મઘવન્ (પૂજનીય, અથવા પુષ્કળ ધન અને શક્તિ ધરાવનાર)! આ યક્ષ શું છે તે જાણી લાવ.' (ઇન્દ્રે) કહ્યું: 'ઠીક છે'; (ઇન્દ્ર) તેની સામે ધસી ગયો (પરંતુ) તે (ઇન્દ્રની) સામેથી તિરોધાન થઈ ગયું. (અદૃશ્ય થઈ ગયું.) (૧૧)

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम
बहुशोभमानामुमां हैमवतीम्
तां होवाच किमेतद् यक्षमिति ॥ १२ ॥

એણે (ઇન્દ્રે) તે જ આકાશમાં (તે જ જગ્યાએ) અતિશય લાવણ્યમયી એવી ઉમા નામની સ્ત્રીને — હિમવાન (હિમાલય)ની પુત્રીને જોઈ. (તેણે) તેને આ યક્ષ શું છે, તે વિશે પૂછ્યું. (૧૨)

❐

# ખંડ-૫

કેનોપનિષદની ઉપરોક્ત આખ્યાયિકા આમ તો એકદમ સાદી-સીધી ભાષામાં શક્તિના મિથ્યાભિમાન અને ગર્વથી છકેલા દેવોની વાત રજૂ કરે છે, પરંતુ એ સામાન્ય લાગતા કથાનકની પાછળ સર્વે જ્ઞાત અને અજ્ઞાતથી અલગ અને પર એવા પરમતત્ત્વની સત્તાનું પ્રતિપાદન થયેલું જોવા મળે છે.

જીવનનાં ઉચ્ચ મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરતા દેવોએ જ્યારે પાશવી વૃત્તિ ધરાવનાર દાનવો પર વિજય મેળવ્યો, ત્યારે દેવો વિજયના ઉન્માદમાં ભૂલી ગયા કે પોતાને વિજય અપાવનાર તો સર્વશક્તિમાન પરમાત્મા છે. પરમાત્મા/બ્રહ્મના એ વિજયને પોતાનો માનીને જ્યારે દેવો બડાશ મારવા લાગ્યા, ત્યારે તેમને વસ્તુસ્થિતિનું યથાવત્ ભાન કરાવવા, તેમજ સર્વની શક્તિનું ઉદગમસ્થાન પરમાત્મા/બ્રહ્મ છે તે સમજાવવા માટે, અગમ્ય અને સનાતન શક્તિરૂપ યક્ષની વાત રજૂ થઈ.

પંચમહાભૂતોમાંના પ્રચંડ શક્તિમાન એવા અગ્નિ અને વાયુ જ્યારે વીસરી જાય છે કે પોતાનો શક્તિદાતા તો બ્રહ્મ છે, ત્યારે ગર્વિષ્ઠ બની ગયેલા એ દેવોને પોતીકી માની લીધેલી મહત્તાની પોકળતા સમજાવવી આવશ્યક બની જાય છે. તે જ મુજબ સાધકે સમજી લેવું જોઈએ કે પોતાના દેહેન્દ્રિયાદિ સ્વતઃ અસમર્થ છે અને તેઓ જે કોઈ ક્રિયા/પ્રવૃત્તિ કરે છે તે પાછળ આત્માની શક્તિ રહેલી છે. આવા સર્વશક્તિશાળી, સચ્ચિદાનંદ આત્માને ઓળખવામાં અને પામવામાં જ જીવનની સાર્થકતા અને ધન્યતા છે.

વળી, આ આત્મા તે જ પરમાત્મા, બ્રહ્મ છે: શિખાઉ ઉપાસક પોતાની બુદ્ધિની અપરિપક્વતાને કારણે તે પરમાત્માને પોતાથી ભિન્ન એવી વસ્તુ સમજે છે. અહીં યક્ષનું સ્વરૂપ સમજવાની અગ્નિ/વાયુની અસમર્થતા એવું સૂચવે છે કે પરમતત્ત્વને ચક્ષુ, વાણી વગેરે ઇન્દ્રિયો દ્વારા પામી શકાતું નથી, કેમ કે તે અમૂર્ત, અતીન્દ્રિય છે — જે જડ સાધનોથી પ્રાપ્ય કેવી રીતે બને?

વળી, સર્વ ઇન્દ્રિયાદિનું કારક-પ્રેરક-પ્રકાશક તત્ત્વ જો જે-તે ઇન્દ્રિયોને પ્રવૃત્ત ન કરે, તો કશી ક્રિયા સંભવતી નથી, એ મુદ્દો આ કથાનક દ્વારા સ્પષ્ટ થાય છે. સ્વામી ચિન્મયાનંદજી કહે છે: '...the eye is blind without the "Eye of the eye" functioning, similarly, speech is dumb without the divine "Speaker of the speech." '

ઇન્દ્રને 'દેવોનો રાજા' ગણવામાં આવે છે. દેવો એટલે ઇન્દ્રિયો: આમ, ઇન્દ્ર 'इन्द्रियाणां राजा' અર્થાત્ 'મન' કહેવાય છે. જ્યારે આપણી ભીતર પરમાત્મપ્રાપ્તિ માટે અદમ્ય જિજ્ઞાસા જાગે છે, ત્યારે પહેલાં તો આપણે આપણી બધી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો સાધન તરીકે ઉપયોગ કરી લઈએ છીએ... પરંતુ જ્યારે તે દ્વારા પરમાત્મજ્ઞાન લાધતું નથી, ત્યારે 'ઇન્દ્રિયોના રાજા' મન કે બુદ્ધિને તે કાર્યસિદ્ધિ માટે પ્રયોજીએ છીએ.

કથાનકમાં આવે છે કે ઇન્દ્ર જ્યારે યક્ષની દિશામાં જાય છે, ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે; કહેવાની મતલબ છે કે સાધક જ્યારે નમ્રતાપૂર્ણ સમર્પણ અને દંભરહિત જિજ્ઞાસા સેવે છે, અને તે આવી 'ઇન્દ્ર-સ્થિતિ' મનઃસ્થિતિએ પહોંચે છે, ત્યારે તેની ખોજ સ્વયં અદૃશ્ય થઈ ગઈ, એવો તેને અનુભવ થાય છે, પરંતુ આ સ્થિતિને પરમાનુભૂતિ ગણીને પાછાં વળવાનું નથી. કોઈ પણ પ્રકારની ધમાલ કે અધીરપણું છોડીને પરમ સત્યની પ્રાપ્તિ કાજે આગળ વધવાનું છે. અચાનક યક્ષના ગાયબ થઈ જવાથી ઇન્દ્ર અકળાતો નથી, બલકે આશા, શ્રદ્ધા અને ઊંડી જિજ્ઞાસાથી તે જ સ્થળે મીટ માંડીને ઊભો રહે છે — કશી જ અપેક્ષા વગર...! ઔપનિષદ ઋષિ સૂચવે છે કે આવી આંતરિક શાંતિની સૌમ્ય ક્ષણે જ પરમાત્મદર્શન થાય છે. ઉમા હૈમવતીનો પ્રાદુર્ભાવ થાય છે, જે સમજાવે છે કે પરમાત્માએ જ યક્ષ સ્વરૂપ ધારણ કર્યું હતું — તેમની ભેદજનક અહં-ભાવના અને ઘમંડના નિવારણ માટે!

આવું જ્ઞાન સ્વયં વિદ્યાદેવી (ઉમા હૈમવતી) પાસેથી મેળવ્યા બાદ સુધ્ધાં, સાધકે તો પરિપૂર્ણતા કાજે, સુખદુઃખાદિ દ્વંદ્વોથી પર તેમજ સ્થળ, કાળ, કારણનાં ત્રિવિધ બંધનોથી મુક્ત એવી પરમાવસ્થા (મોક્ષ) માટે સાધના કરતાં રહેવાનું છે.

આમ, જ્યારે કર્મ, જ્ઞાન કે ભક્તિમાર્ગે ચાલીને સાધક સંપૂર્ણ એકાગ્રતા, આંતરશુદ્ધિ અને ઈશ્વરની કૃપા પામે છે, ત્યારે સાધનાનાં અંતિમ ચરણોમાં પરમાત્મા સાથે ઐક્યની અનુભૂતિ કરે છે.

सा ब्रह्मेति होवाच ब्रह्मणो वा
एतद् विजये महीयध्वमिति ।
ततो हैव विदांचकार ब्रह्मेति ॥ १ ॥

તેણીએ (ઉમાએ) કહ્યું: 'એ બ્રહ્મ હતું. વિજય બ્રહ્મનો હતો અને તેને તમે પોતાની માની મોટાઈ લેતા હતા.' ત્યાર પછી જ (અર્થાત્ ઉમાનાં વચન સાંભળીને જ) ઇન્દ્રને સમજાયું કે (યક્ષ) બ્રહ્મ જ હતું. (૧)

तस्माद्वा एते देवा अतितरामिवान्यान् देवान्
यदग्निर्वायुरिन्द्रस्तेन हि एनन्नेदिष्ठं पस्पर्शुस्ते हि ।
एनत् प्रथमो विदाञ्चकार ब्रह्मेति ॥ २ ॥

આથી જ, ખરેખર, આ અગ્નિ, વાયુ અને ઇન્દ્ર દેવો અન્ય દેવોથી ચઢિયાતા બન્યા. (કારણ કે) બ્રહ્મનો સૌથી વધારે નજીકથી તેઓએ સ્પર્શ કર્યો (અર્થાત્ સૌથી પાસે જઈ જાણી શક્યા). (૨)

ઉમા હૈમવતીના વચનથી ઇન્દ્રને યક્ષના બ્રહ્મ હોવા અંગે જાણવા મળ્યું. આ જાણકારી કેવળ શાબ્દિક હોવા છતાંયે તેનું મહત્ત્વ ઓછું નથી, એમ બતાવવા ઋષિ જણાવે છે કે અભિમાનથી છકી ગયેલા અગ્નિદેવ તથા વાયુદેવ જેવાને પણ અન્ય દેવોમાં માનમરતબો પ્રાપ્ત થયો, કેમ કે પરમાત્મા બ્રહ્મની સૌથી નજીક જવાનું સૌભાગ્ય તેમને સાંપડ્યું હતું.

तस्माद्वा इन्द्रोऽतितरामिवान्यान् देवान्
स हि एनन्नेदिष्ठं पस्पर्श,
स हि एनत् प्रथमो विदांचकार ब्रह्मेति ॥ ३ ॥

અને તેથી જ, ખરેખર, બીજા દેવો કરતાં ઇન્દ્ર ચઢિયાતો બન્યો, કારણ કે તેણે જ બ્રહ્મને સૌથી નજીકથી જોયું, અને સૌપ્રથમ જાણ્યું. (૩)

આગળ ઉપર દર્શાવ્યા મુજબ, જ્યારે જિજ્ઞાસુ ઉપાસક બ્રહ્મપ્રાપ્તિની અદમ્ય ઇચ્છા સાથે નમ્રતા, નિઃસ્વાર્થ અને પરમશ્રદ્ધા જોડીને શાસ્ત્રાભ્યાસ કરે છે, ત્યારે સદ્‌ગુરુના વચનાનુસાર પ્રયત્ન કરતો કરતો, ઈશ્વરકૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ બ્રહ્મજ્ઞાન/બ્રહ્મદર્શન કેવું વિદ્યુતના ઝળહળતા ચમકારા જેવું હોય છે, તેની વાત આ પછીના મંત્ર દ્વારા કરે છે:

*तस्यैष आदेशो यदेतद् विद्युतो व्यद्युतदाऽइतीति*
*न्यमीमिषदाऽ*
*इत्यधिदैवतम् ॥ ४ ॥*

*(બ્રહ્મને ક્યાં શોધવું?) — એ બાબતમાં આ પ્રમાણે આદેશ છે: જે વીજળીના ચમકારા જેવું છે અથવા જે આંખના પલકારા જેવું છે, તે બ્રહ્મનું આધિદૈવિક (અર્થાત્ દેવદેવતાઓને લગતું) રૂપ છે. (૪)*

આવા જ્ઞાત-અજ્ઞાતથી પર એવા પરમતત્ત્વની ઝાંખી થતાં જ એકમેવ અને અદ્વિતીય એવા બ્રહ્મ સાથે ઐક્યાનુભૂતિ થાય છે. પાણીમાં તરવાનું શીખનારને જેમ શરૂઆતમાં અઘરું લાગે છે અને ત્યારે જ સતર્ક રહીને પ્રયત્નો કરવા પડે છે; બાકી શીખી લીધા પછી તો તે સરળતાપૂર્વક શરીરની સમતુલા જાળવીને પાણીમાં તરવાનો આનંદ લેતો હોય છે — તે જ મુજબ બ્રહ્મજ્ઞાનના વિકટ માર્ગનો યાત્રી, અનેક ભુલભુલામણીમાંથી પસાર થતો થતો, આખરે અંતિમ મુકામે પહોંચી જાય છે.. અને જાણે કે 'effortless effort'માં જ — અનાયાસ જ — પરમાત્મા સાથે ઐક્યાનુભૂતિનો પરમ આનંદ પ્રાપ્ત કરે છે.

*अथाध्यात्मं यदेतद् गच्छतीव च*
*मनोऽनेन चैतदुपस्मरत्यभीक्ष्णं संकल्पः ॥ ५ ॥*

*હવે શરીર માંહે એ પરમતત્ત્વની આત્મ-સ્વરૂપે થતી અભિવ્યક્તિનું (અધ્યાત્મમ્) વર્ણન: મન બ્રહ્મ પ્રતિ જાણે કે જાય છે અને (એ જ) મન દ્વારા બ્રહ્મનું વારંવાર (અભીક્ષ્ણં) સ્મરણ થાય છે (અને) સંકલ્પ થાય છે. (૫)*

સત્વર અને જાણે કે પ્રયત્નો વગર જ થતી આત્માનુભૂતિની વાત અહીં ઉદાહરણ આપીને સમજાવી છે. કોઈ પણ પદાર્થનો બોધ કેવી રીતે થાય છે, તે આપણે આગળ ઉપર જોયું. આત્માના ચૈતન્યને કારણે મળતી શક્તિ વડે, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો બાહ્ય પદાર્થ તરફ વારંવાર (अभीक्ष्णं) દોડી જાય છે. અને ચૈતન્યથી ધબકતું મન પણ જાણે કે ઇન્દ્રિયો મારફત વિષય પ્રતિ વહી જઈને જે-તે પદાર્થનું રૂપ ધારણ કરી લે છે — અને જોનાર શક્તિને પદાર્થ દેખાય છે. આ જ પ્રમાણે અન્ય ઇન્દ્રિયો વિશે સમજવું.

આમ નિરંતર કૂદાકૂદ કરતું મન અશાંત અને વ્યાકુળ રહેતું હોય છે — એવો આપણા સૌનો સામાન્ય અનુભવ છે. પરંતુ જ્યારે માણસની

ભીતરનો ઇચ્છા-અપેક્ષાદિ-જન્ય કોલાહલ શમી જાય છે, ત્યારે વિચાર-વંટોળથી સતત આક્રાન્ત રહેતું મન મોકળાશ અનુભવે છે… અને વીજળીના ચમકારાની માફક થતાં સત્યદર્શન માટે પાત્ર બને છે.

ઉપરોક્ત બે મંત્રોને સમજાવતા ઓશો કહે છે કે રાત્રિના ગાઢ અંધકારમાં જો આપણે જંગલમાં દીવો લઈને ગયા હોઈએ, તો દીવાનો પ્રકાશ જે જે વૃક્ષાદિ પર પડતો હશે, તે તે વૃક્ષાદિને જ આપણે જોઈ શકીશું — આસપાસના જંગલનું આપણને સમગ્રતયા દર્શન નથી થતું. પરંતુ તેવામાં જો એકાદ વીજળી ચમકી જાય, તો તે ક્ષણે આજુબાજુનાં વૃક્ષ વગેરેનું પૂરું દર્શન — તે ક્ષણ પૂરતું — થઈ જાય છે. આ જ પ્રમાણે જ્યારે પ્રત્યેક ભૂતપ્રાણીમાં વસનાર આત્માની એકતાનું જ્ઞાન મનુષ્યની ભીતર વીજળીની માફક ઝબકી ઊઠે છે, ત્યારે તે પૂર્ણ-બ્રહ્મનું દર્શન કરાવી જાય છે. વળી, બ્રહ્મ અખંડ છે, પૂર્ણ છે — તેથી તેને સ્થળ-કાળના બંધનથી વિભાજિત કરીને જાણી શકાતું નથી — આવા કાલાતીત, અતીન્દ્રિય સમગ્ર (બ્રહ્મ)ને પૂર્ણતયા જાણવાનું/પામવાનું છે — જેને જાણવાથી સર્વનું જ્ઞાન થઈ જાય છે — 'તદ્બ્રહ્મ ।' 'તે બ્રહ્મ છે' અને 'તત્ત્વમસિ' 'તે તું છે.'

*तद्धि तद्वनं नाम*
*तद्वनमित्युपासितव्यं ।*
*स य एतदेवं वेदाऽभि*
*हैनं सर्वाणि भूतानि संवाञ्छन्ति ॥ ६ ॥*

*તે (બ્રહ્મ) સાચે જ સૌનું વંદનીય છે. તે જ પૂજનીય એવું ઉપાસનાપાત્ર છે. જે આને આવું સમજે છે, એને સર્વે પ્રાણીઓ સારી રીતે ચાહે છે ને વંદે છે. (૬)*

બ્રહ્મ જ સર્વ ભૂતપ્રાણીઓનું કલ્યાણકારી પરમતત્ત્વ છે, જે સર્વવ્યાપી, સર્વોપરી અને સર્વજ્ઞ છે. જે સાધક બ્રહ્મને આ રીતે સમજીને તેની ઉપાસના કરે છે, તે ખુદ પણ લોકોની ચાહના મેળવે છે.

*उपनिषदं भो ब्रूहीत्युक्ता*
*त उपनिषद् ब्राह्मीं वाव*
*त उपनिषदमब्रूमेति ॥ ७ ॥*

*(શિષ્ય ગુરુને કહે છે): 'હે (ગુરુદેવ)! ઉપનિષદનો ઉપદેશ આપોને!' (ગુરુ જવાબ આપે છે): 'મેં તને ઉપનિષદનો — બ્રહ્મનો — જ ઉપદેશ આપ્યો છે.' (૭)*

આનો અર્થ સમજાવતાં ગુરુએ આગળ કહ્યું:

*तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा*
*वेदाः सर्वाङ्गानि सत्यमायतनम् ॥ ८ ॥*

*ઉપનિષદના યથાવત્ અનુભવનો આધાર તપશ્ચર્યા, દમન અને સમર્પિત કર્મ છે: બધા વેદો તેના (બ્રહ્મજ્ઞાનનાં) અંગભૂત છે અને સત્ય તેનું નિવાસસ્થાન (आयतनम्) છે. (૮)*

અગાઉ ગુરુએ ઇન્દ્રિય-મન-બુદ્ધિને શક્તિ બક્ષીને ક્રિયાન્વિત કરનાર આત્મતત્ત્વ વિશે વાત સમજાવી જ હતી — પરંતુ આત્મજ્ઞાનની પ્રાપ્તિ અંગે આચરણની રીતરસમ વિશે વાત કરી નહોતી. તેથી શિષ્ય પરબ્રહ્મ અંગેની રહસ્યવિદ્યા સમજવા તેમજ પામવાની ઇચ્છાથી પ્રશ્ન કરે છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ બ્રહ્મવિદ્યાનું રહસ્ય (ઉપનિષદ્) પામવા માટે, સનાતન ધર્મના પાયારૂપ — તપશ્ચર્યા, દમન અને સમર્પિત કર્મ — જેવાં અદ્ભુત સાધનોની અગત્ય ઉપરોક્ત મંત્રમાં સમજાવવામાં આવી છે. સ્વાભાવિક રીતે પોતપોતાના વિષયો પ્રતિ દોડી જતી બહિર્મુખી ઇન્દ્રિયોને રોકીને ભીતર વાળવી, તેને 'तपस्' કહે છે; જ્યારે ઇચ્છાઓના ધસમસતા અને ધગધગતા લાવારસને તેના મૂળ ઉદ્ભવ-સ્થાને જ થંભાવી દેવો તે 'દમન'નું કાર્ય ગણાય છે —આ બંને આત્મસંયમનાં જ સ્વરૂપો છે; એક શારીરિક છે, તો બીજું માનસિક છે.

જ્યારે તપ અને દમન દ્વારા સાધકનાં શરીર અને મન ઊર્ધ્વાભિમુખ બને છે, ત્યારે તેણે નૈષ્ઠિક, આસક્તિરહિત કર્તવ્ય કર્મમાં લાગી જવાનું રહે છે, જેનું પ્રયોજન લોકસંગ્રહ સિદ્ધ કરવાનું હોય છે. આમ, લોકકલ્યાણની ભાવનાથી કર્મ કરતાં રહીને, સાધકને પરમાત્મપ્રાપ્તિ થાય છે.

અહીં મૂળ મુદ્દાને સ્પષ્ટ કરવાના હેતુથી શંકરાચાર્ય કહે છે: तपः कायेन्द्रियमनसां समाधानम् । दमः उपशमः । कर्म अग्निहोत्रादि ।' અર્થાત્ 'તપ' એટલે શરીર, ઇન્દ્રિય અને મનનું સમાધાન ((સમ્યગ્ આધાન), જ્યારે 'દમ' એટલે વિષયોથી નિવૃત્ત થવું, (ઇન્દ્રિયોનો નિગ્રહ). અને અગ્નિહોત્ર વગેરે યજ્ઞાનુષ્ઠાનને 'કર્મ' કહી વર્ણવ્યું છે.

આમ, તપ-દમ-કર્મની ત્રિપુટીને બ્રહ્મજ્ઞાનની પ્રતિષ્ઠા ગણાવવામાં આવી છે. આવાં ત્રિવિધ આચરણથી ચિત્તશુદ્ધિ પામેલા સાધકને તત્ત્વજ્ઞાન મળે છે, પરંતુ આ બધી સાધના કરવા છતાંયે, જેના મનના મળ (કચરો, દુર્વિચારરૂપ

કલ્મષ કે પાપ)નું નિવારણ નથી થતું, તેવા મનુષ્યને તો સારામાં સારો ઉપદેશ આપવા છતાં સાચું જ્ઞાન નથી થતું. આપણે જેને 'ભેંસ આગળ ભાગવત' કહીએ છીએ, તેવી જ પરિસ્થિતિ ઊભી થાય છે.

અહીં શ્વેતાશ્વતર ઉપનિષદનું વિધાન (૬-૨૩) રજૂ કરતાં શંકરાચાર્ય સમજાવે છે કે, 'જેને ભગવાનમાં અત્યંત ભક્તિ હોય અને જેવી ભક્તિ ભગવાનમાં હોય તેવી જ (ભક્તિ) પોતાના ગુરુમાં હોય, એવા મહાત્માની બાબતમાં પૂર્વોક્ત વિષયો પ્રકાશિત થાય છે.' તથા મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે તેમ 'ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मण: ।'— અર્થાત્ 'પાપકર્મોનો ક્ષય થતાં મનુષ્યોને જ્ઞાન થાય છે.'

ટૂંકમાં કહીએ તો, તપ, દમન અને કર્મનું યથોચિત પાલન કરનાર સાધકના ચિત્તની શુદ્ધિ થાય છે, અને તે દ્વારા ઉપનિષદની પ્રતિષ્ઠા રૂપ સત્યની/બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

જડ પ્રકૃતિથી પર એવા પરબ્રહ્મ અંગે 'આવું' કે 'તેવું' કહી ને સમજાવી શકાતું નથી.... વિશ્વનાં તમામ ભૂતપ્રાણી, પદાર્થોમાં પોતાનો આવાસ કરીને રહેલ બ્રહ્મ તે પણ છે, કિન્તુ તે જ માત્ર નથી — 'તેથી પણ કશુંક વિશેષ' એવું સૂચન શાસ્ત્રોમાં नेति नेति વચન દ્વારા થયું છે. તપ, દમન અને કર્મના માર્ગે પરિપક્વતા પામીને, સાધકને સત્યરૂપે બ્રહ્મ સમજાય છે... આવા સત્ય-સ્વરૂપ બ્રહ્મને પામવા, અનુભવવા માટે ઇન્દ્રિય-મન-બુદ્ધિ જેવાં બાહ્ય ઉપકરણોની આવશ્યકતા રહેતી નથી... વસ્તુતઃ તે સર્વની અંતરાય દૂર થતાં જ સત્યાનુભૂતિ શક્ય બને છે.

*यो वा एतामेवं वेदापहत्य*
*पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये*
*प्रतितिष्ठतीति प्रतितिष्ठतीति ॥ ९ ॥*

*જે કોઈ (બ્રહ્મને લગતી) આ વિદ્યાને જાણીને અનુભવે છે, તેનાં બધાં પાપ વિનષ્ટ થાય છે અને તે અનંત એવા શ્રેષ્ઠ સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠા પામે છે — ઉત્તમ સ્થિતિને પામે છે. (૯)*

ઉપરોક્ત મંત્રમાં 'प्रतितिष्ठतीति प्रतितिष्ठतीति' એવી દ્વિ-ઉક્તિ દ્વારા કેનોપનિષદની સમાપ્તિ સૂચિત થાય છે.

❐

# ઉપસંહાર

સામવેદની તલવકાર શાખામાં 'કેનોપનિષદ'નો સમાવેશ થયેલો છે. તે તલવકાર અથવા જૈમિનીય બ્રાહ્મણના નવમા અધ્યાયમાં છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે પ્રત્યેક વેદને લગતું ત્રિવિધ સાહિત્ય છે, જે બ્રાહ્મણ-સંહિતા, આરણ્યક અને ઉપનિષદને નામે જાણીતું છે.

વેદસાહિત્યના અંતિમ ભાગમાં આવતાં ઉપનિષદોમાં, પ્રમુખ ગણાતાં દસ ઉપનિષદો માંહે કેનોપનિષદને સ્થાન પ્રાપ્ત થયું છે તે તેની ઉત્કૃષ્ટ પ્રકારની આધ્યાત્મિક પ્રશ્નોત્તરીને કારણે.

પ્રાદિકાળથી વિચારશીલ મનુષ્યની બુદ્ધિમાં સળવળતા કેટલાક પ્રશ્નોની સુંદર માંડણી કેનોપનિષદમાં થઈ છે. માનવ-મન સદા મૂંઝવણ અનુભવતું રહ્યું છે કે જડ અને ક્ષણજીવી ગણાતા તેના શરીરને કોણ ચેતનવંતું કરે છે? શરીર સાથે સંકળાયેલી તેની કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો — અને ખુદ મનને — કોણ પ્રકાશિત કરીને ક્રિયાન્વિત કરતું હશે? ઇત્યાદિ.

મનુષ્યના મનમાં અનંતકાળથી ચાલી રહેલી આ પ્રકારની વિચારશૃંખલાને કેનોપનિષદે તેના પ્રારંભિક મંત્રથી જ વાચા આપી છે. આમ, 'केन' — અર્થાત્ 'કોના થકી?' — શબ્દથી શરૂ થતું આ નાનકડું છતાં અર્થગંભીર ઉપનિષદ જિજ્ઞાસુ-વર્ગમાં તેમજ વિદ્વાનોમાં અતિશય લોકપ્રિયતાને વર્યું છે, એમ કહી શકાય.

તલવકાર બ્રાહ્મણના આઠ પૂર્વાધ્યાયોમાં 'કર્મ' અને 'ઉપાસના'ની રજૂઆત થઈ છે. ઉપનિષદોમાં ઉપદેશેલી 'આત્મપ્રાપ્તિ'ના અંતિમ ચરણ સુધી પહોંચતાં અગાઉ, સાધકે કાંઈકેટલાયે સોપાન ચડવાનાં હોય છે — જેવાં કે યજ્ઞાનુષ્ઠાનરૂપી કર્મ, ધ્યાન, ઉપાસના, ચિંતન-મનન-નિદિધ્યાસન વગેરે. સ્વામી ચિન્મયાનંદજીએ સમજાવ્યું છે તેમ, કર્મકાંડ-પ્રધાન કર્મમાર્ગના વિધિ-નિષેધોનું યથોચિત પાલન કરનારને સ્વર્ગલોકની સુખપ્રાપ્તિ કે ઐહિક

સંપત્તિલાભ વગેરે થાય, એવાં વચનો આપણને જોવા મળે છે. પરંતુ આવી ફલશ્રુતિની વાત લાંબે રાખીએ, તોયે આવા અનુષ્ઠાનથી સાધકના જીવનવ્યવહારમાં એક પ્રકારની શિસ્ત-નિયમાનુસાર વર્તવાનો આગ્રહ — જરૂર કેળવાય છે. વળી કર્મના અનુષ્ઠાન સાથે સાથે જો ઉપાસનામૂલક ઈશ્વર-સમર્પણની ભાવના રાખતામાં આવે, તો તે કર્મનું મૂલ્ય અનેકગણું વધી જાય છે... જોકે સત્કર્મ વગેરેનાં ફળરૂપ પિતૃલોક, ઇન્દ્રલોક, સ્વર્ગલોક ઇત્યાદિ મળે તોયે તજ્જન્ય પુણ્યનો ક્ષય થતાં જ તે સાધક/ઉપાસકને ફરીથી મર્ત્યલોકમાં પ્રવેશ કરવાનો રહે છે.

આમ, સ્વર્ગલોકાદિ અને મૃત્યુલોક — એ બંને લોક વચ્ચે અસંખ્ય વાર ફંગોળાયા બાદ, મનુષ્યની ભીતર ક્યારેક વૈરાગ્ય જન્મે છે — અને ચિત્તાકર્ષક ઉપભોગો અંગેની તેની આસક્તિ છૂટવા લાગે છે. આમ, 'આત્મપ્રાપ્તિ'ને માર્ગે આગળ વધતાં વધતાં તે ઈશ્વર પ્રતિ સ્વાર્પણ અને ભક્તિનો ભાવ અનુભવવા લાગે છે.

ઈશ્વરની મૂર્તિ હો કે છબિ, શિવલિંગ હો કે જિસસ ક્રાઇસ્ટનો ક્રૉસ — ભક્તને તો પોતે સ્વીકારી લીધેલા દેવ-દેવીનાં તેમાં સાક્ષાત્ દર્શન થતાં હોય છે. આવી પ્રતીકની ઉપાસના સ્વરૂપ 'ભક્તિ'માં, આરાધના, સેવા અને સમર્પણ જેવાં તત્ત્વો એકમેકમાં ભળી જતાં જોવા મળે છે... અને ઈશ્વરનાં ભજનમાં તલ્લીન થનારો ભક્ત પોતાની જાતને પણ ભૂલી જાય છે — અર્થાત્ પોતાના ભગવાનથી પોતે ભિન્ન છે, એવી ભ્રામક ભેદદૃષ્ટિરૂપી જંજીરથી મુક્ત બની જાય છે.

આમ, આરુરુક્ષુ સાધક (અર્થાત્ ઊર્ધ્વગતિ પામવાની ઇચ્છાવાળો, — ઉપર આરોહણ કરવાની ઇચ્છા ધરાવનારો), શાસ્ત્રોક્ત કર્મ અને ઉપાસનાના માર્ગે આગળ વધતાં વધતાં છેવટે ચિત્તશુદ્ધિ પામે છે... અને ચિતશુદ્ધિ થતાં જ, તેને સનાતન સત્ય/પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે. જગતના ક્ષણિક સુખાભાસ કરાવનારા પદાર્થો પ્રત્યે તેને શનૈ: શનૈ: અરુચિ, ઉદાસીનતા (indifference), અણગમો અને વૈરાગ જાગે છે અને આવી અનાસક્તિ અને એષણા-રાહિત્યથી, તેની આત્મપ્રાપ્તિની ઇચ્છા ઝંખનાનું સ્વરૂપ લે છે.

— પરંતુ આ આત્મપ્રાપ્તિ/આત્મજ્ઞાન થાય તો શી રીતે?

કેનોપનિષદ કહે છે: 'न तत्र चक्षुर्गच्छति, न वाग् गच्छति, नो मनः ।

— અર્થાત્ એ (સર્વના પ્રકાશક-પ્રેરક-ચાલક) આત્માને આંખ જોઈ શકતી

નથી, વાણી વર્ણવી શકતી નથી અને મન સુધ્ધાં એને વિચારી શકતું નથી — આમ, કોઈ પણ જ્ઞાનેન્દ્રિય દ્વારા એ આતમતત્ત્વ પામી શકાતું નથી. આથી કેનના ઋષિ નિખાલસતાથી અને નમ્રપણે સ્વીકારે છે: न विद्मो न विजानीमो यथैतदनुशिष्यात् । એટલે કે, 'અમે એને નથી જાણ્યું, કે નથી પારખ્યું (वि + जानीम: =) જેનું વિશેષ જ્ઞાન (અનુભૂતિ) અમે નથી પામ્યા, જેને આધારે એનો ઉપદેશ આપી શકીએ.'

આ આત્મતત્ત્વ તો જ્ઞાત અને અજ્ઞાત એવી સર્વ વસ્તુઓથી નિરાળું જ (अन्यदेव) છે! આવા અદ્‌ભુત આત્મ-તત્ત્વ/બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરવાનું કાર્ય કેવું અશક્યવત્ છે, એ મુદ્દો સ્પષ્ટ કરવાના હેતુથી ઋષિ પોતાની કાવ્યાત્મક વાણી વહેતી મૂકે છે: 'यद्वाचा अनभ्युदितं येन वागभ्युद्यते,यत् मनसा न मनुते येनाहु: मनो मतं, यत चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति, यत्र श्रोत्रेण श्रुणोति येन श्रोत्रमिदं श्रुतं, यत्प्राणेन न प्राणिति येन प्राण: प्राणीयते...तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदं उपासते ।' (કેન. ૧. ૩—૮.)

— જે વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર અને પ્રાણનો વિષય બનતું નથી અર્થાત્ એ સર્વથી પ્રાપ્ત થતું નથી, અપિ તુ એ બધાંને પોતપોતાના વિષયમાં વર્તવાની ચૈતન્યશક્તિ બક્ષે છે, એવા સત્-ચિત્ આનંદરૂપી આતમ-તત્ત્વને જિજ્ઞાસુ સાધકે મનન-ચિંતન-નિદિધ્યાસન દ્વારા પામવું રહ્યું — બાકી જેની વાણી, મન ઇત્યાદિ સાધન દ્વારા જે પ્રકારે અહીં સામાન્યત: ઉપાસના કરાય છે તે બ્રહ્મ નથી.

આમ, આપણે જે રીતે જપ, મનન, દર્શન, શ્રવણાદિ પૂજાકર્મ પ્રાય: કર્યાં કરીએ છીએ તેની નિ:સારતા અને નિરર્થકતા ઋષિએ ધારદાર શબ્દોમાં દર્શાવી છે.

વળી, 'આત્મા'ને આમ સર્વે જ્ઞાનસાધનોથી પર દર્શાવ્યા બાદ, કેનના ઋષિ ચેતવે છે કે તેને (આત્માને) સર્વથા અજ્ઞેય માની લેવાની ભૂલ ન કરવી. કઠોપનિષદ (I.૩.૧૨)માં કહ્યું છે તેમ: 'दश्यते तु अग्र्यया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभि: ।' પ્રાણીમાત્રમાં રહેલો અ અત્યંત ગૂઢ એવો આત્મા, સૂક્ષ્મદર્શી તત્ત્વવેત્તાઓને, તેમની સૂક્ષ્મ/તીક્ષ્ણ બુદ્ધિથી દેખાય છે. વળી, 'अहं' કે 'હું'ની ભાવનાથી પણ આપણને તેનો સામાન્ય બોધ તો સતત થાય જ છે. મારા જડ શરીર વગેરેને ચૈતન્ય બક્ષનારું કોઈ ભવ્ય એવું આત્મતત્ત્વ જરૂર છે, એવી પ્રતીતિ સૌ કોઈને થતી જ હોય છે... ફક્ત, આત્માને લગતા આવા

અતિસામાન્ય જ્ઞાનને સંપૂર્ણ જ્ઞાન માની લેવાની ભૂલ કરી બેસીએ, તે બાબત ઋષિએ લાલ બત્તી ધરી છે.

આ ઉપરાંત આત્મા/બ્રહ્મ અંગે જરાતરા શાબ્દિક જ્ઞાન મેળવીને, પોતે સર્વજ્ઞ થઈ ગયો કે પોતાને બ્રહ્મસાક્ષાત્કાર થઈ ગયો એવો ગર્વ કોઈ સેવે, તો તે સદંતર મિથ્યાભિમાની અને અજ્ઞ છે, એવું સમજવાનો ઋષિ આગ્રહ સેવે છે.

'આત્મા' અંગે સતત ચિંતન-મનન કરનાર ધીર પુરુષો તો તેને પ્રત્યેક ભૂતપ્રાણીમાં વસનારો સમજે છે. પોતાના જડ અને વિનાશશીલ શરીરને જ સર્વસ્વ માનીને, જિંદગીભર તે અંગે સેવેલાં મોહ, આસક્તિ અને ગર્વ ત્યારે ટળી જાય છે, જ્યારે સર્વભૂતાત્મરૂપે રહેલા પરમાત્માની અનુભૂતિ થાય છે.

કેનમાં આત્મતત્ત્વ/બ્રહ્મની મહત્તા સમજાવતી અને દેવોનાં ગર્વ-ખંડન અંગેની એક નાનકડી આખ્યાયિકા આપણે જોઈ; જેમાં અગ્નિ, વાયુ વગેરે દેવતાઓને ઋષિએ 'પરમાત્માના આડતિયા' કે middle-men જેવા 'દલાલ' ગણાવ્યા છે. અહીં એક મુદ્દાનું સૂચન થાય છે કે જેમ દેવો સ્વતંત્રપણે શક્તિ-સંપન્ન નથી પણ બ્રહ્મ-દત્ત શક્તિને કારણે બળવાન બને છે, તેમ જડ ઇન્દ્રિયો સુધ્ધાં ચૈતન્યસ્વરૂપ આત્માના અનુગ્રહ અને અનુસંધાનથી જ ચેતનવંતી ભાસે છે.

ટૂંકમાં, કેનોપનિષદનો બોધ છે કે અચેતન અને ક્ષણભંગુર એવા શરીરાદિનો મોહ અને ગર્વ છાંડીને, સર્વશક્તિઓના સ્રોતરૂપ સત્-ચિત્-આનંદસ્વરૂપ 'આત્મા'ને પામવા પ્રયત્નશીલ બની રહેનાર 'ધીર' મનુષ્ય અમર બની જાય છે.